લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૫ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## અમદાવાદના માંડલ વરમોર નજીક અકસ્માતમાં દંપતીનું મોત નિપજ્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદમાં માંડલ નજીક થયેલ અકસ્માતમાં દંપતીનું મોત નિપજ્યું. માંડલ પાસેના એંછવાડા રોડ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત થયો. આ અકસ્માતમાં બાઈક પર સવાર દંપતીનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું. અકસ્માતને પગેલ પોલીસ ઘટનાસ્થળ પર પ હોચી ગઈ હતી.પ્રાપ્ત વિગત મુજબ માંડલ નજીક એંછવાડા રોડ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો. આ અકસ્માતમાં કાર પર સવાર દંપ તીને ગંભીર ઈજા પંહોચી. વરમોરનું દંપતી જખવાડા ગામે બેસણામાં ગયું હતું અને ત્યાંથી પરત ફરતા હતા ત્યારે જ અકસ્માતનો ભોગ બન્યા. પૂરપાટ વેગે આવતી કાર સાથે બાઈકની ટક્કર થતા વરમોર દંપ તી નીચે પટકાયા.કાર અને બાઈક વચ્ચે ભયાનક અકસ્માત થતા ત્યાં લોકો ભેગા થઈ ગયા. ટોળાંમાંના એક વ્યક્તિએ પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી. જો કે ગંભીર અકસ્માતને પગલે ઘટનાસ્થળે જ પતિનું મોત નિપજ્યું હતું.

## અમદાવાદમાં બીઆરટીએસની કાળમુખી બસે યુવાનનો ભોગ લીધો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદમાં બીઆરટીએસ બસે વધુ એક યુવાનનો ભોગ લીધો. શહેરમાં ચંદ્રનગર વિસ્તારમાં મોડી રાત્રે ગમખ્વાર અકસ્માતની ઘટના બનવા પામી. ચંદ્રનગરમાં ગત રાત્રે બીઆરટીએસ બસ અને એક્ટિવા વચ્ચે અકસ્માત સર્જાયો. આ અકસ્માતમાં એક્ટિવા ચાલકનું મોત નિપજ્યું. પોલીસે અકસ્માતની તપાસ હાથ ધરી.ઘટનાની વિગત મુજબ શહેરમાં ચંદ્રનગર વિસ્તારમાં ૧૭ વર્ષીય આશાસ્પદ યુવાનનું અકાળે મોત નિપજ્યું. યુવાન એક્ટિવા લઈને પસાર થતા હતો ત્યારે બીઆરટીએસ બસની અડફેટે આવ્યો. અને ગંભીર અકસ્માત થતા એક્ટિવા ચાલકનું ઘટનાસ્થળ પર જ મોત નિપજ્યું. મોડી રાત્રે ચંદ્રનગર માં મોડી રાત્રે બીઆરટીએસ અને એક્ટિવ વચ્ચે અકસ્માત સર્જાતા લોકો ભેગા થઈ થયા હતા. પરંતુ અકસ્માત એટલા ગંભીર હતો કે એમ્બ્યુલન્સ આવે તે પહેલા જ ૧૭ વર્ષીય યુવાન કાળનો કોળિયો બન્યો.

### ઠંડી વધવાની આગાહી, નલિયા ૬.૫ ડિગ્રી તાપમાન

# ગુજરાતમાં ઠંડીએ તોડ્યો ૧૦ વર્ષનો રેકોર્ડ । સૌથી ગરમ શહેરના તાપમાનમાં પણ ૨ ડિગ્રીનો ઘટાડો

### દક્ષિણ ગુજરાતના ભાગોમાં લઘુતમ અને મહત્તમ તાપમાનમાં સામાન્ય વધારો થતા ઠંડીનું જોર ઘટશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૮ ।




ગુજરાતમાં શિયાળાના વાતાવરણે લોકોને ધ્રૂજવા મજબૂર કરી દીધા છે. રાજ્યમાં ઠંડીનો કહેર સતત વધી રહ્યો છે. રાજ્યના સૌથી ગરમ શહેર અમદાવાદમાં પણ ઠંડીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે, જ્યાં લઘુત્તમ તાપમાન ૨ ડિગ્રી સુધી ઘટી ગયું છે. આ ઉપરાંત રાજ્યના સૌથી ઠંડા શહેર નલિયાનું તાપમાન ૬.૫ ડિગ્રી નોંધાયું હતું. દરમિયાન, હવામાન વિભાગે જણાવ્યું હતું કે આગામી ૫ દિવસ સુધી રાજ્યના તાપમાનમાં કોઈ ફેરફાર થશે નહીં.હવામાન વિભાગની આગાહી મુજબ સૌરાષ્ટ્રમાં કડકડતી ઠંડી પ ડશે. આગામી ૫ દિવસમાં તાપ માનમાં ૧-૨ ડિગ્રીની વધઘટ થવાની સંભાવના છે. ઉત્તર-પૂર્વ દિશામાંથી ફૂંકાતા પૂર્વીય પવનોને કારણે ઠંડીમાં વધારો થવાની સંભાવના છે. જોકે તાપમાન વધશે પરંતુ પવનને કારણે ઠંડી રહેશે. રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે ગુજરાતમાં ઉત્તર-ઉત્તર દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે. જેના કારણે આગામી ૫ દિવસમાં ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં થોડો ઘટાડો થવાની સંભાવના છે. જો કે દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં વધારો જોવા મળી શકે છે. કોલ્ડવેવ વિશે વાત કરતાં તેમણે કહ્યું છે કે કચ્છમાં આજે અને આવતીકાલે બે દિવસ કોલ્ડવેવ ચાલુ રહેવાની ધારણા છે.હવામાન વિભાગના નિયામક એ. કે દાસના મતે રાજકોટ જિલ્લો સૌરાષ્ટ્ર માટે મહત્વનો છે. સામાન્ય રીતે ત્યાં ઠંડી હોય છે, પરંતુ શીત લહેરની કોઈ અસર જોવા મળતી નથી. જો કે આ વર્ષે રાજકોટ જેવા શહેરમાં પણ સતત ૨ દિવસ કોલ્ડવેવની અસર જોવા મળી હતી. છેલ્લા ૧૦ વર્ષની માહિતી મુજબ રાજકોટમાં પ્રથમ વખત કોલ્ડવેવની અસર જોવા મળી રહી છે.આ વખતે સૌરાષ્ટ્રના રાજકોટ સહિત કચ્છના નાળાઓમાં ભારે ઠંડી પડી રહી છે. રાજકોટમાં દર વર્ષે સામાન્ય ઠંડી નોંધાતી હતી, ત્યારે આ વખતે રાજકોટની જનતા હાડ ધ્રૂજતી ઠંડીનો સામનો કરી રહી છે. રાજકોટમાં છેલ્લા ૧૦ દિવસથી ઠંડીનું મોજું ચાલી રહ્યું છે. દર વર્ષે કોલ્ડવેવની અસર કચ્છના નલિયા અને બનાસકાંઠાના ડીસામાં જોવા મળતી હતી, પરંતુ આ વર્ષે સતત બે દિવસ સૌરાષ્ટ્રના રાજકોટમાં પણ કોલ્ડવેવની અસર જોવા મળી હતી.હવામાન વિભાગના જણાવ્યા મુજબ ગત રાત્રિના નોંધાયેલા તાપમાન મુજબ નલિયામાં ૬.૫, ગાંધીનગરમાં ૯, રાજકોટમાં ૧૦.૮, ડીસામાં ૧૧, ભુજમાં ૧૧.૫, અમરેલીમાં ૧૧.૬, મહુવામાં ૧૨.૧, કેશોદમાં ૧૨.૪, ૧૨.૮ ડિગ્રી નોંધાયું હતું. પોરબંદર, વલ્લભ વિદ્યાનગરમાં ૧૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. સુરેન્દ્રનગરમાં ૧૩, કંડલા પ ોર્ટમાં ૧૪, ભાવનગરમાં ૧૪.૪, સુરતમાં ૧૫.૪, વેરાવળમાં ૧૭.૧, દ્વારકામાં ૧૭.૨, ઓખામાં ૧૯.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગુજરાતમાં શિયાળાના વાતાવરણે લોકોને ધ્રૂજવા મજબૂર કરી દીધા છે. રાજ્યમાં ઠંડીનો કહેર સતત વધી રહ્યો છે.

## ગાંધીનગરમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા શકુનિઓને એલસીબી પોલીસે ઝડપ્યા

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૮ ।

ગાંધીનગરમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા શકુનિઓને એલસીબી પોલીસે ઝડપી પાડ્યા. પોલીસે ગાંધીનગરના પ્રમુખ એરિસ્ટા ફલેટમાં ચાલતા જુગારધામ પર ત્રાટક્યા. પોલીસે સટ્ટાનું રેકેટ કરનારા ૪ આરોપીઓની ધરપકડ કરી. આ આરોપ ીઓની પાસેથી પોલીસે ૨૧ મોબાઈલ, ૩૮ એટીએમ અને ૫ લેપટોપ જપ્ત કર્યા. આરોપીઓને કસ્ટડીમાં લઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી.મળતી માહિતી મુજબ અડાલજ પોલીસને બાતમી મળી હતી કે ગાંધીનગરમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમાય છે. ગાંધીનગર વિસ્તારમાં પ્રમુખ એરિસ્ટા ફલેટમાં જુગારધામ ચાલતુ હોવાની મળેલ બાતમીના આધારે ગઈકાલે અડાલજ પ ોલીસ ફલેટ પર ત્રાટકી. જ્યાં એલસીબી પોલીસને મેચ પર સટ્ટો રમતાં ૪ શકુનિઓને ઝડપી પાડ્યા. આરોપીની સામાન્ય પૂછપ રછમાં સામે આવ્યું કે આ ચારોય આરોપીઓ એક જ ફલેટમાં સટ્ટાનું રેકેટ ચલાવતા હતા. અડાલજ પોલીસ સ્ટેશનની હદમાં ચાલતા આ સટ્ટા રેકેટમાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતા સટ્ટોડિયાઓને જેલ ભેગા કર્યા.ગાંધીનગરમાં ૬ મહિના અગાઉ પણ તુલસી એપાર્ટમેન્ટમાં ક્રિકેટ મેચનો સટ્ટો રમતા બે શખ્સની અટકાયત કરવામાં આવી હતી.

### એસીબી પોલીસમાં ફરિયાદ કરાતા તપાસ કરવામાં આવી

# ખેડા એસીબી પોલીસે લાંચની માંગણી અંગે કોન્સ્ટેબલ સામે ગુનો દાખલ કર્યો

। પ્રતિનિધિ, ખેડા,તા.૧૮ ।

ખેડા એસીબી પોલીસે લાંચની માંગણી અંગે કોન્સ્ટેબલ સામે ગુનો દાખલ કર્યો. કપડવંડ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવનાર સરકારી અધિકારીઓએ ગુનો દાખલ ના કરવા લાંચની માંગણી કરી હતી. આ મામલાને લઈને એસીબી પોલીસમાં ફરિયાદ કરાતા તપાસ કરવામાં આવી. એસીબી પોલીસે એક વખત કોન્સ્ટેબલને પકડવા છટકું ગોઠવ્યું હતું પરંતુ કોઈ બાબતને લઈને તેઓ હાજર ના થતાં પકડવામાં નિષ્ફળતા મળી હતી. જો કે એસીબી પ ોલીસને સરકારી અધિકારીઓએ લાંચ માંગી હોવાના દસ્તાવેજી પુરાવા મળતા તેમની સામે ગુનો દાખલ કર્યો.

કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનના બે અધિકારીઓ દ્વારા લાંચ માંગવામાં આવી હતી. કપડવંજ પોલીસ સ્ટેશનમાં ગેરકાયદેસર નાણાં ધીરવાને લઈને પ ત્ની અને પુત્ર વિરુદ્ધ ફરિયાદ દાખલ થઈ હતી. અને આ પ્રકારના આક્ષેપવાળી બીજી ચાર અરજીઓ પોલીસ સ્ટેશનમાં દાખલ નહી કરવા માટે ફરજ બજાવતા બે કોન્સ્ટેબલ દ્વારા ફરિયાદી પાસે પહેલા ૧૦ લાખ રૂપિયાની માંગણી કરી. આ રકમ વધુ હોવાના કારણે ફરિયાદીએ તે ઓછી કરવાનું કહેતા છેલ્લે ૪ લાખ રૂપિ યા અને અંતે રકઝક બાદ ૩,૭૫,૦૦૦ લાંચ પેટે આપવાનું નક્કી કર્યું.

સરકારી અધિકારીઓ લાંચ લેતા હોવાને લઈને તેમણે એસીબીમાં ફરિયાદ પણ કરી. અને એસીબીના સહયોગથી રંગેહાથ તેમને પકડવા છટકું ગોઠવ્યું. કપડવંજ પોલીસ સ્ટેશનના બે કોન્સ્ટેબલ સાથે નક્કી થયા મુજબ ફરીયાદીએ વધુ અરજી દાખલ ના કરવા ૩,૭૫,૦૦૦ આપવા તેમના ઘરે ગયા હતા. પરંતુ તેઓ હાજર ના રહેતા છટકું ગોઠવી તેમને પ કડવાનો પ્રયાસ નિષ્ફળ ગયો.

એ.સી.બી. દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રાથમિક તપાસ દરમ્યાન ઉપ રોક્ત બન્ને આરોપીઓએ ફરીયાદી સાથે લાંચની લેતી-દેતી સબંધે હેતુલક્ષી વાતચીત કરી હોવાના દસ્તાવેજી પુરાવા તથા વૈજ્ઞાનીક તથા સાંયોગિક પુરાવા મળતા લાંચની માંગણીનો ગુનો બનતો હોવાનું સ્પષ્ટપણે સાબિત થયું.

## મોરબીઃ સિરિયલ કિલર તાંત્રિક ભુવાની પત્ની અને ભત્રીજાની ધરપકડ

। પ્રતિનિધિ, મોરબી, તા.૧૮ ।

સિરિયલ કિલર તાંત્રિક ભુવાની પત્ની અને ભત્રીજાની ધરપકડ, માનવ કંકાલ મળતા પોલીસની મોટી કાર્યવાહીમોરબી જિલ્લાના વાંકાનેર પાસે જમીનમાં ખાડો ખોદતા માનવ કંકાલ મળવા મામલે પોલીસે કાર્યવાહી કરી છે. ૧૨ હત્યા કરનારા સિરિયલ કિલર ભુવા નવલસિંહની પ ત્ની સોનલબેન ચાવડા અને ભત્રીજા શક્તિરાજ ભરતભાઈ ચાવડાની પોલીસે ધરપકડ કરી છે. તાંત્રિક નવલસિંહ ચાવડાએ પ્રેમિકા નગમાની હત્યા કરીને લાશ દાટી દીધી હતી. આરોપી સોનલબેને નવલસિંહની સાથે રહી હત્યાના પુરાવાનો નાશ કર્યો અને ભત્રીજા શક્તિરાજે મૃતદેહ દાટવા ખાડો ખોદી આપ્યો હોવાનો ખુલાસો થયો હતો. જે બાદ વાંકાનેર પોલીસે કાર્યવાહી કરતા બંને શખ્સોની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.અમદાવાદમાં સરખેજ પોલીસે પકડેલા સિરિયલ કિલર તાંત્રિક નવલસિંહ ચાવડાએ પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે તેણે ૩ વર્ષમાં પરિવારના ૩ સભ્યો સહિત કુલ ૧૨ લોકોની હત્યા કરી છે.

## બ્રિટનમાં મંગેતરની હત્યા કરનાર આરોપી જીગુ સોરઠીયા સુરતની જેલમાં સજા કાપશે

। પ્રતિનિધિ, સુરત, તા.૧૮ ।

બ્રિટનમાં સુરતના રહેવાસી જીગુ સોરઠીએ મંગેતરની હત્યા કરી હતી. હત્યાના ગુનામાં બ્રિટિશ કોર્ટે જીગુ સોરઠીની દોષિત ઠેરવતા ૨૮ વર્ષની જેલની સજા ફટકારી. આ કેસમાં યુકે અને ભારત સરકાર વચ્ચે થયેલ સંધિ મુજબ આરોપીને સુરત જેલમાં ટ્રાન્સફર કરવામાં આવશે. યુકે અને ભારત સરકાર વચ્ચેની જેલ ટ્રાન્સફરિંગનો આ પ્રથમ કિસ્સો કહી શકાય. જીગુ સોરઠીએ લંડનમાં ૨૦૨૦માં મંગેતર ભાવિનીને ચપ્પુના ઘા મારી ક્રૂરતાપૂર્વક હત્યા કરી હતી.લંડનમાં રહેતા ભારતીય મૂળના ૨૩ વર્ષીય યુવક જીગુ સોરઠીને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. હકીકતમાં, તેણે ગુસ્સામાં તેની પૂર્વ પ્રેમિકાની હત્યા કરી હતી.સુરતના રહેવાસી જીગુકુમાર સોરઠીને લંડનમાં ૨૦૨૦માં મંગેતર ભાવિનીની હત્યા બદલ સજા ફટકારવામાં આવી હતી.



## ૧૧ લોકોની અટકાયત કરવામાં આવી

# પાટણ યુનિવર્સિટીમાં વિરોધપ્રદર્શનનો ઉહાપોહ, ધારાસભ્યના પુત્ર સહિત ટોળા સામે ફરિયાદ!!

### એનએસયુઆઇના સભ્યોએ તેમની કેટલીક માંગોને લઈને ભૂખ હડતાળ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું

। પ્રતિનિધિ, પાટણ, તા.૧૮ ।

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ધારાસભ્ય અને તેમના પુત્ર તેમજ તેમના સર્મથકો દ્વારા વિવિધ મુદ્દે વિરોધ પ્રદર્શન કરાયું હતું.એચએનજીયુમાં પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ અને પાટણ જિલ્લા એનએસયુઆઈના સભ્યોએ તેમની કેટલીક માંગોને લઈને ભૂખ હડતાળ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિરોધને પગલે યુનિવર્સિટીમાં અનેક સ્થાનો પર વધુ હંગામો થયો હતો.

સ્થિતિ વણસતાં શહેરના બી ડિવિઝનના પોલીસ સ્ટેશનના પીઆઈ દ્વારા ધારાસભ્ય અને તેમના પુત્ર સહિત ટોળા સામે ફરિયાદ દાખલ કરવામાં આવી. એચએનજીયુમાં ભૂખ હડતાળ વિરોધ પ્રદર્શનને લઈને પોલીસ જ ફરિયાદી બની. અને ધારાસભ્ય કિરીટ પટેલ અને તેમના પુત્ર સહિત ૧૪ સામે નામજોગ તથા



૨૦૦ના ટોળા સામે ફરિયાદ નોંધાવી. આ મામલમાં આજે ૧૧ લોકોની અટકાયત કરવામાં આવી. જો કે ધારાસભ્ય કિરિટ પટેલ અને તેમના પુત્ર તેમજ એનએસયુઆઇના આગેવાનો હજુ પણ પોલીસ સમક્ષ હાજર થયા નથી. પોલીસ વિરોધ પ્રદર્શન કરનાર ૫૦ લોકોની ઓળખ પરેડ કરી છે. અને તમામ શંકાસ્પદ શખ્સોને પોલીસ સ્ટેશનમાં હાજર થવા નોટિસ મોકલી છે.

આ મહિનામાં ૧૬ તારીખના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં એનએસયુઆઈ અને કોંગ્રેસના આગેવાન અને કાર્યકરો દ્વારા ભૂખ હડતાળનું વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અને આ વિરોધ પ્રદર્શન કરવા માટે કોઈપણ પ્રકારની મંજૂરી લેવામાં ના આવતા પોલીસ ધારાસભ્યથી લઈને હાજર રહેલ ૨૦૦ના ટોળા સામે ફરિયાદ નોંધી. વિરોધ પ્રદર્શન કરી રહેલા તત્ત્વો દ્વારા પોલીસ સાથે ગેરવર્તન કરવામાં આવ્યું હતું. ટોળાને શાંત કરવા આવેલ પોલીસ સાથે ઝપાઝપી થતા મામલો વધુ વણસી ગયો હતો.

આથી આ મામલે પોલીસ જાતે જ ફરિયાદી બનતાં આજે ૧૧ લોકોની અટકાયત કરી અને પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ અને એનએસયુઆઈ આગેવાનો અને કોંગ્રેસના આગેવાનો સામે ગુનો નોંધ્યો. પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ધારાસભ્ય અને તેમના પુત્ર તેમજ તેમના સર્મથકો દ્વારા વિવિધ મુદ્દે વિરોધ પ્રદર્શન કરાયું હતું.એચએનજીયુમાં પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ અને પાટણ જિલ્લા એનએસયુઆઈના સભ્યોએ તેમની કેટલીક માંગોને લઈને ભૂખ હડતાળ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિરોધને પગલે યુનિવર્સિટીમાં અનેક સ્થાનો પર વધુ હંગામો થયો હતો.

---

## પોલીસે સાત વ્યક્તિઓને પકડ્યાં

# પાટણ શહેરમાં ગેસ્ટ હાઉસની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપાયું

। પાટણ, તા.૧૮ ।

પાટણમાંથી પોલીસે ગેસ્ટ હાઉસની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપી પાડ્યું હતું. પાટણ શહેરના દેવ દર્શન કોમ્પ્લેક્ષમાં ગેસ્ટહાઉસમા લાંબા સમયથી દેહ વ્યાપારનો કારોબાર ચાલતો હતો. રંગોલી ગેસ્ટહાઉસમાં પરપ્રાંતિય મહિલાઓ દ્વારા દેહ વ્યાપારનો કાળો કારોબાર ચાલતો હોવાની મળેલી માહિતી બાદ પોલીસ દ્વારા કરવામાં આવી હતી. પોલીસે કુલ ૭ આરોપીઓને ઝડપ્યા હતા અને ભાગતા ફરતા રફીક નામના મુખ્ય આરોપીને દબોચવા ચક્રો ગતિમાન કર્યા હતા.પાટણ એસઓજી પોલીસને બાતમી મળી હતી કે શહેરના દેવ દર્શન કોમ્પલેક્સમાં આવેલા રંગીલા ગેસ્ટ હાઉસમાં દેહ વ્યાપારનો અનૈતિક ધંધો ચાલે છે. જેથી પાટણ એસઓજી પોલીસે રેડ કરતા ૭ મહિલા અને ત્રણ પુરુષો અનૈતિક ધંધો સામેલ લોકોને ઝડપી પાડ્યા હતા. સમગ્ર રેકેટ મુસ્તાક મુલ્લા અને વનિતા ચલાવતા હતા. મુખ્ય આરોપો રફીક નામનો ઈસમ પણ સામેલ છે. જેમાં મુસ્તાક મુલ્લા અને વનિતાની ધરપકડ કરવામાં આવી હતી. રફીક ફરાર હોવાના કારણે તેને પકડવા પ ોલીસે તાપસ હાથ ધરી હતી.પાટણના રંગીલા ગેસ્ટ હાઉસમાંથી કોન્ડમ, મોબાઈલ, કોઈન સહિત મુદ્દામાલ માલી આવ્યો હતો. ગેસ્ટ હાઉસ દ્વારા પથિક સોફ્ટવેરમાં નોંધણી ના કરતા જાહેરનામાનો પણ ભંગ કર્યાની કલમો લગાવામાં આવી હતી. પોલીસે આરોપ ીઓની પ્રાથમિક પૂછપરછ કરતા તેઓ ગ્રાહક દીઠ ૫૦૦ થી ૧૫૦૦ રૂપિયા લેતા હોવાનું સામે આવ્યુ હતું. પાટણમાંથી પોલીસે ગેસ્ટ હાઉસની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપી પાડ્યું હતું. પાટણ શહેરના દેવ દર્શન કોમ્પ્લેક્ષમાં ગેસ્ટહાઉસમા લાંબા સમયથી દેહ વ્યાપારનો કારોબાર ચાલતો હતો. રંગોલી ગેસ્ટહાઉસમાં પરપ્રાંતિય મહિલાઓ દ્વારા દેહ વ્યાપારનો કાળો કારોબાર ચાલતો હોવાની મળેલી માહિતી બાદ પોલીસ દ્વારા કરવામાં આવી હતી. પોલીસે કુલ ૭ આરોપીઓને ઝડપ્યા હતા અને ભાગતા ફરતા રફીક નામના મુખ્ય આરોપીને દબોચવા ચક્રો ગતિમાન કર્યા હતા.પાટણ એસઓજી પોલીસને બાતમી મળી હતી કે શહેરના દેવ દર્શન કોમ્પલેક્સમાં આવેલા રંગીલા ગેસ્ટ હાઉસમાં દેહ વ્યાપારનો અનૈતિક ધંધો ચાલે છે.

## સાયલા હાઈવે બન્યો લોહિયાળ, બે અકસ્માતમાં એક મહિલા સહિત કુલ બે લોકોના મોત

। માહિતી બ્યુરો, સુરેન્દ્રનગર, તા.૧૮ ।

સાયલા હાઈવેના ગોસલ બોર્ડ પાસે વધુ એક અકસ્માત સર્જાવાની ઘટના સામે આવી છે.વાહન ચાલક દિનેશભાઈ ધનજી પાનેલા ઉ.વ. ૬૨, દિલ્હીથી કામ અર્થે પરત ફરતા, સ્ટીયરીંગ પ રનો કાબુ ગુમાવી દીધો અને ખોટી દિશામાં જઈ રહેલી આઈશર ટ્રક ડિવાઈડર સાથે અથડાઈ. અકસ્માત એટલો ગંભીર હતો કે અંદર બેઠેલા જામનગરના રહેવાસી ૫૩ વર્ષીય જયશ્રીબેન અભયભાઈ ભીંડીએ કારના ધાબા પરથી કૂદી પ ડતાં ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું. ડ્રાઈવર દિનેશભાઈને પણ ઈજાઓ થતાં તેને રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની જાણ થતા સાયલા પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતકના મૃતદેહને સાયલા સરકારી દવાખાને લઈ તેના પરિવારજનોને જાણ કરી હતી અને મૃતક મહિલાની લાશ પોસ્ટ મોર્ટમ બાદ તેના પરિવારજનોને સોંપવામાં આવી હતી. અક્ષમત પ ોલીસ મથકેથી પ્રાપ્ત વિગત મુજબ, બીજો બનાવ સાયલા બાયપાસ પાસે કાલામુખા હાઈવે પર બન્યો હતો, માંગરોળમાં રહેતા ૬૪ વર્ષીય કરશનભાઈ રામજીભાઈ સગરકા ટ્રક લઈને જૂનાગઢ જઈ રહ્યા હતા, તેઓ ટાયર ચેક કરી રહ્યા હતા, ત્યારબાદ તેઓને અકસ્માત નડ્યો હતો. પોતાનું વાહન રોડની બાજુમાં પાર્ક કરે છે.







## તંત્રી લેખ..

# ભારતનુ મહત્વ વધ્યુ

પહેલાની સરખામણીમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ખાસ કરીને કોરોના કાળમાં ભારતનું મહત્વ વધી ગયુ છે. ભારતે ૧૦૦ વર્ષની સૌથી મોટી મહામારીમાં જે રીતે કામગીરી કરી તેના કારણે દુનિયાના દેશો હેરાન છે અને ખુશ પણ છે. સાથે સાથે ઈસ્લામિક દેશોમાં પણ ભારતનુ મહત્વ વધ્યુ છે. ભારતનુ મહત્વ વધવા માટે કેટલાક કારણને જવાબદાર ગણવામાં આવે છે. વડાપ્રધાન તરીકે મોદીએ જવાબદારી સંભાળી લીધા બાદથી વર્ષ ૨૦૧૪ પછી ઈસ્લામિક દેશોમાં ભારતને લઈને વલણ બદલાયુ છે. મોદીએ તમામ ઈસ્લામિક દેશો સાથે નજીકના સંબંધ સ્થાપિત કર્યા છે. તેમને વિશ્વાસમાં લઈને મોદી આગળ વધી રહ્યા છે. આ ઉપરાંત મોદીએ તેમના લીડરો સાથે અંગત સંબંધ પણ સ્થાપિત કર્યા છે. આજ કારણ છે કે ઈસ્લામિક દેશો પણ ત્રાસવાદ સામેની લડાઈમાં ભારતની સાથે ઉભેલા દેખાય છે.વૈશ્વિક સ્તર પર ભારતની આજે પ્રતિષ્ઠા શુ છે તે બાબતની સાબિતી હાલમાં ઈસ્લામિક રાષ્ટ્રોની બેઠકમાં મળી ગઈ હતી. કોઈ સમય એવો હતો જ્યારે પાકિસ્તાનની બોલબાલા આમાં જોવા મળતી હતી. પાકિસ્તાને કોઈ સમય બેઠકમાં હાજરી ન આપવા માટેની માત્ર વાત કરીને ભારતની એન્ટ્રીને રોકાવી દીધી હતી. આજે સ્થિતી બદલાઈ ગઈ છે. આજે ઈસ્લામિક રાષ્ટ્રોમાં પણ પાકિસ્તાનનુ મહત્વ રહ્યુ નથી. જેની સાબિતી વર્તમાન બેઠકથી મળી ગઈ છે. ઈસ્લામિક રાષ્ટ્રોની બેઠકમાં ભારતને પ્રથમ વખત ગેસ્ટ ઓફ ઓનર તરીકે ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યુ હતુ. પાકિસ્તાનને આ અંગે જાણ થયા બાદ ભારતની એન્ટ્રી રોકવા માટે તમામ પ્રયાસો કર્યા હતા. અંગત સંબંધોની વાત પણ કરવામાં આવી હતી. જો કે પાકિસ્તાનની કોઈ વાત ઈસ્લામિક દેશોએ સાંભળી ન હતી. પાકિસ્તાને ભારતની એન્ટ્રીને રોકવા માટે બેઠકનો બહિષ્કાર કરવાની ધમકી પણ આપી હતી. જો કે તેની કોઈ નોંધ લેવાઈ ન હતી.ઈસ્લામિક દેશોમાં ભારતના વધતા વિશ્વાસની બાબતને પણ આ હાજરી સાબિત કરે છે.પાકિસ્તાનના તમામ પ્રયાસો છતાં ઓઆઈસીની બેઠકમાં ભારતને આપવામાં આવેલું આમંત્રણ રદ કરવામાં આવ્યું ન હતું. મોદી સતત બીજી અવધિ માટે પ્રચંડ બહુમતિ સાથે ચૂંટાઈ આવ્યા બાદ ત્રણ વર્ષ પછી આગામી દિવસોમાં ઈસ્લામિક દેશો સાથે તેમના સંબંધ વધારે મજબુત રહેનાર છે. મલેશિયા સહિતના દેશો ભારત સાથે વેપાર કારોબારને વધારી દેવા માટે તૈયાર છે. સાઉદી દ્વારા જે રીતે મંદિરના મામલે ભારતની વાત સ્વીકારી હતી. તે બાબત પણ ભારતના કદને સાબિત કરે છે. સાઉદીમાં રહેતા ભારતીય લોકોની સુરક્ષા અને અન્ય પાસાઓને લઈને પણ હવે આ દેશો વધારે સારા પગલા લઈ રહ્યા છે. ભારતીય નાગરિકો માટે નોકરીના માહોલને સરળ બનાવી રહ્યા છે. સાથે સાથે અપરાધીઓને લઈને પણ ભારતની પુરતી મદદ આ ઈસ્લામિક દેશો દ્વારા કરવામાં આવી રહી છે. આ તમામ બાબતો સાબિત કરે છે કે ભારત હવે ઈસ્લામિક દેશોમાં પણ તેના પ્રભાવને વધારી દેવા માટે કટિબદ્ધ છે.

# વાયરલ ફિવર વાયરસ વધુ તાકતવર

હાલના દિવસોમાં વાયરલ ફિવરના વાયરસ વધારે શક્તિશાળી બની રહ્યા છે. જેના કારણે તેની સારવાર બાદ પણ વ્યક્તિને સ્વસ્થ થવામાં વધારે સમય લાગી રહ્યો છે. તબીબો પણ આ બાબતની કબુલાત કરી રહ્યા છે. એમ તો સામાન્ય રીતે બદલાતી સિઝનમાં વાયરલ બિમારી પોતાની રીતે જ ઠીક થઈ જાય છે. પરંતુ તબીબોની બાબતમાં વિશ્વાસ કરવામાં આવે તો કેટલાક દર્દી ૩-૪ દિવસબાદ પણ સ્વસ્થ થઈ રહ્યા નથી. આ સંબંધમાં પુછવામાં આવતા ગંગારામ હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબો કહે છે કે ફિવર ગળામાં પીડા અને વાયરલના બીજા લક્ષણોના કારણે કોઈ એક નહીં બલ્કે એક કરતા વધારે વાયરસ હોય છે. આ બાબતની આશંકા વધારે રહેલી છે કે આ વખતના વાયરલ ઈન્ફલુએન્જા એ વાયરસના કારણે વધારે થાય છે. આ વાયરસ ખુબ જ ખતરનાક, ગંભીર અને પ્રભાવી છે. આ વાયરસના કારણે દર્દીઓમાં ફિવર વહેલી તકે ઠીક ન થતા તેની ચર્ચા જોવા મળી રહી છે. તબીબોની વાત પણ વિશ્વાસ કરવામાં આવે તો બાળકો, મોટી વયના લોકો વધારે સાવધાન રહે તે જરૂરી છે. નીંદ પુરી ન થવાની સ્થિતીમાં પણ વાયરલ બિમારી થઈ શકે છે. ૩-૪ દિવસ સુધી તાવ ઠીક ન થાય તો તરત જ તબીબોની પાસે પહોંચી જઈને માહિતી મેળવી જોઈએ. સાથે સાથે તબીબોના સુચન મુજબના રિપોર્ટ કઢાવવા જોઈએ. સામાન્ય રીતે તો જે લોકોને વધારે જોખમ રહે છે તે લોકોને વેક્સીન લેવાની જરૂર હોય છે. વાયરલ ફિવરની અસર તેના રોગના આધાર પર થાય તે જરૂરી છે. દિલ્હી અને એનસીઆર જેવા વિસ્તારોમાં વાયુ પ્રદુષણ વાયરલ બિમારી ફેલાવી દેવામાં ભૂમિકા અદા કરે છે. વાયરલના અનેક લક્ષણો રહેલા છે. જેમાં સામાન્ય રીતે રોગની માહિતી મળી જાય છે. જેમ કે વાયરલના લક્ષણોમાં સૌથી પહેલા તો તાવની અસર જોવા મળે છે. ગળામાં દુખાવો પણ રહે છે. ડાયરિયા અને ઉલ્ટી થવાના કેસો બને છે. પેટમાં દુખાવો પણ રહે છે. તબીબોની વાત પણ વિશ્વાસ કરવામાં આવે તો બાળકો, મોટી વયના લોકોમાં ડાયાબિટીસ અને હાર્ટના દર્દીઓને વધારે સાવધાની રાખવાની જરૂર હોય છે. આ વાયરસ બેની જેમ માનવીના શરીરમાં પ્રવેશ કરી જાય છે. એક તો હવા મારફતે બીજા વાયરસ ઈન્ફેક્શન ગ્રસ્ત ભોજન અથવા તો પાણીના કારણે થાય છે. કોમન કોલ્ડ, ફ્લુ અને શ્વાસ સાથે જોડાયેલા અન્ય કેટલાક રોગ પણ ઈન્ફેક્શન હવાના કારણે ફેલાય છે. જ્યારે કોઈ વ્યક્તિ ખાંસી ખાય છે અને છીંકો ખાય છે ત્યારે હવામાં વાયરસ ફેલાઈ જાય છે. જ્યારે કોઈ વ્યક્તિ એ ઈન્ફેક્શનગ્રસ્ત હવાને શ્વાસ મારફતે શરીરની અંદર લે છે ત્યારે તે શરીરમાં અંદર પ્રવેશ કરી જાય છે.



## કોરોનાકાળથી બોધપાઠ લઇને પ્રાથમિકતા આપવાની જરૂર છે....

### આરોગ્યને પ્રાથમિકતા આપી દેવાની જરૂર છે જુદી જુદી જીવલેણ બિમારીને રોકવા માટે પગલા જરૂરી છે કોરોના વાયરસના કારણે અનેક નવી બાબતો સપાટી પર આવી રહી છે જેનાથી શીખીને આગળ વધવાની જરૂર છે

# તબીબી સાધન પર ખાસ ધ્યાન જરૂરી

**કોરોના સહિત જુદા જુદા જીવલેણ રોગની સારવાર ઝડપથી શક્ય બની શકે તે પ્રમાણમાં પુરતા ટેસ્ટ સાધનો, દવા તૈયાર કરવાની જરૂર છે**

આરોગ્યના ક્ષેત્રમાં વધુ ઝડપથી કામ કરવાની જરૂર છે. કોરોના વાયરસના કારણે એક બાબત તો ઉભરીને આવી ચુકી છે કે ભારતમાં મર્યાદિત તબીબો સાધનો રહેલા છે. આ સાધનોને વધુ પ્રમાણમાં અતિ ઝડપથી વિકસિત કરવાની જરૂર દેખાઈ રહી છે. કોરોના બાદ હવે દુનિયાના દેશો આરોગ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા લાગી ગયા છે. અમેરિકા સહિતના દેશો આના પર વધારે ધ્યાન આપી રહ્યા ન હતા. પરંતુ હવે સ્થિતી બદલાઈ ગઈ છે. કોરોના જેવી જીવલેણ બિમારી અને અન્ય તકલીફોની સારવાર ઝડપથી શક્ય બને તેવી સ્થિતી રહેલી છે. આરોગ્યને પ્રાથમિકતા આપી દેવાની જરૂર છે. જુદી જુદી જીવલેણ બિમારીને રોકવા માટે પગલા જરૂરી છે. કોરોના વાયરસના કારણે અનેક નવી બાબતો સપાટી પર આવી રહી છે. જેનાથી શીખીને આગળ વધવાની જરૂર છે. વધુ પ્રમાણમાં ટેસ્ટ વ્યવસ્થા માટે લેબ, હોસ્પિટલો અને અન્ય સુવિધા વિકસિત કરવાની જરૂરછે. તબીબોને યોગ્ય ટ્રેનિંગની પણ જરૂર છે. વધુ પ્રમાણમાં તબીબોની જરૂરીયાત દેખાઈ રહી છે. આરોગ્ય ક્ષેત્રને મોદી સરકાર આવ્યા બાદ વધુ ધ્યાન આપીને નાણાં આપી રહી છે પરંતુ જે રીતે કોરાના કારણે સ્થિતી ઉભી થઈ છે તે જોતા સર્વોચ્ચ ધ્યાન હવે આરોગ્ય પર આપવામાં આવે તે જરૂરી છે. આવનાર સમયમાં પણ તબીબી ચીજવસ્તુઓને વધુ સસ્તી બનાવવામાં આવે તે દિશામાં પહેલ થઈ રહી છે. સસ્તા વિકલ્પો કયા છે તે ઉપર સતત વિચારણા ચાલી રહી છે. મેડિકલના સાધનો અને દવાઓને લઈને ઘણા સમયથી ચર્ચા છે કે આ તમામને ગરીબ અને મધ્યમવર્ગના લોકોને પોષાય તે સ્તરે લાવવામાં આવે અને આ દિશામાં ઘણી પહેલ પણ થઈ ચુકી છે. હવે સરકાર તબીબી સાધનની કિંમતોને મર્યાદિત કરે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. આ તમામ બાબતોની નોંધ લઈને હવે નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈઝીંગ ઓથોરિટીએ જ્હોનસન એન્ડ જ્હોન્સન, જીમમેર અને સ્ટ્રેકર જેવી મહાકાય કંપનીઓને કેટલીક સ્પષ્ટ સૂચનાઓ આપી દીધી છે. આ સૂચનાઓને પાળવાની દિશામાં કંપનીઓ આગળ પણ આવી રહી છે. સામાન્ય લોકોને પોષાય તે કિંમતે તબીબી સુવિધા મળે તે દિશામાં પણ ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. વર્તમાન સમયમાં આ પ્રકારના તબીબી સાધનો પર કોઈ પણ કિમત મર્યાદા નક્કી કરવામાં આવી નથી. આનો મતલબ એ થયો કે જુદી જુદી હોસ્પિટલો દ્વારા જુદા જુદા ચાર્જ લેવામાં આવે છે. પરિસ્થિતિ મુજબ લાભ ઉઠાવવામાં આવે છે. પરંતુ હવે એમપીપીએ દ્વારા કમર કસી લેવામાં આવી છે અને કહેવામાં આવ્યુ છે કે કંપનીઓને છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં તેમના દ્વારા અમલી કરવામાં આવેલી કિંમતોમાં વધારાની તમામ માહિતી આપવામાં આવે. સરકારે પણ કાર્ડિયાક સ્ટેન અને ઈમ્પ્લાન્ટ જેવા તબીબી સાધનો માટે ભાવ મર્યાદા નક્કી કરવાની દિશામાં પહેલ કરી છે. કારણ કે આ પ્રકારની ચીજવસ્તુઓ ખૂબ મોંઘી પડે છે. સરકાર એવી ખાતરી કરવા પણ ઈચ્છે છે કે આ સાધનમાં કિંમતમાં વધારો વાર્ષિકરીતે ૧૦ ટકાથી પણ ઓછો હોવો જોઈએ. ઉપરાંત આ સાધનો ડ્રગ્સ એન્ડ કોસ્પમેટિક એક્ટ હેઠળ આવી જવા જોઈએ. આ બિમારીઓની દવાઓ પણ ભાવ નિયંત્રણ હેઠળ આવવી જોઈએ. માત્ર ૧૦ ટકાથી વિશેષ વધારે ઝુકવાની સ્થિતિમાં કંપનીઓ સામે પગલા લેવામાં આવે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. ભારતમાં સામાન્યરીતે હીપ અને ઘૂંટણના ઈમ્પ્લાન્ટનો ખર્ચ સરેરાશ ૫૦થી ૯૦ હજારની આસપાસ આવે છે. આમાં પણ ઉપયોગ કરવામાં આવેલા ઈમ્પ્લાન્ટના ટાઈપ ઉપર આ બાબત આધારિત રહે છે. ઈમ્પ્લાન્ટ કિંમતી અને સસ્તા તેના પણ વિકલ્પ રહે છે. આ બાબત નોંધનીય છે કે ભારતમા બીજી વખત એનપીપીએ દ્વારા મહત્તમ રિટેલ કિંમતો અથવા તો એમઆરપી જેવા ડેટા આપવા મેડિકલ સાધનો બનાવતી કંપનીઓને સૂચના આપવામાં આવી છે.





## નાગરિકોને શ્વાસ લેવા માટે સ્વચ્છ હવા આપવાનો પડકાર છે

### વાયુ પ્રદુષણની સાથે લોસએન્જલસની આ લાંબી લડાઇની માત્ર શરૂઆત હતી શહેરમાં વાયુ પ્રદુષણ તેની ભૌગોલિક સ્થિતીના કારણને પણ વધી જાય છે તેના ઉત્તર અને પૂર્વમાં સ્થિત પહાડોના કારણે વાતાવરણમાં એક પ્રકારની સપાટી ઉભી કરી નાંખે છે

# વાયુ પ્રદુષણ સંકટનો પણ ઉકેલ છે

**જો અમેરિકાના અનુભવને લઇને શીખી શકીશુ તો જે સિદ્ધી હાંસલ કરવામાં ૪૦ વર્ષ લાગ્યા તેને ઓછા સમયમાં હાંસલ કરી શકાશે**

બીજા વિશ્વ યુદ્ધના ગાળા દરમિયાન વર્ષ ૧૯૪૩માં એક દિવસે સવારે લોસએન્જલસમાં લોકો ઉઠ્યા ત્યારે તેમની આંખોમાં બળતરા થઈ રહ્યા હતા. હવામાં બ્લીચની અસર જોવા મળી રહી હતી. નજર એટલી કમજોર પડી ગઈ હતી કે કેટલાક દુરના બ્લોક જ દેખાઈ રહ્યા હતા. કેટલાક લોકોને એ વખતે લાગ્યુ હતુ કે શહેર પર હુમલો કરવામાં આવી ચુક્યો છે. ટુંક સમયમાં જ સ્પષ્ટતા કરવામાં આવી કે કોઈ બહારના તત્વના કારણે નહીં બલ્કે કારખાના અને વાહનોના કારણે આ ધુમાડાની અસર જોવા મળી રહી છે. વાયુ પ્રદુષણની સાથે લોસએન્જલસની આ લાંબી લડાઈની માત્ર શરૂઆત હતી. શહેરમાં વાયુ પ્રદુષણ તેની ભૌગોલિક સ્થિતીના કારણને પણ વધી જાય છે. તેના ઉત્તર અને પૂર્વમાં સ્થિત પહાડોના કારણે વાતાવરણમાં એક પ્રકારની સપાટી ઉભી કરી નાંખે છે. જે પ્રદુષણને પોતાની અંદર આવરી લે છે. જો કે તેની પ્રકૃતિ અલગ પ્રકારની રહેલી હતી. વર્ષ ૧૯૪૮માં આવા જ પ્રકારના પ્રદુષણના કારણે પેનસિનલ્વેનિયાના નાના શહેર ડોનોરામાં ૨૦ લોકોના મોત થઈ ગયા હતા. સાથે સાથે આ શહેરની વસ્તી પૈકી અડધી વસ્તી બિમાર થઈ ગઈ હતી. આવી જ રીતે વર્ષ ૧૯૫૩માં છ દિવસ સુધી ન્યુયોર્ક શહેરમાં ટકી ગયેલા સ્મોગના કારણે ૨૩૦ લોકોના મોત થઈ ગયા હતા. દુષિત હવાના કારણે અમેરિકામાં પહેલાથી જ લોકોના મોત થઈ રહ્યા હતા. પરંતુ વર્ષ ૧૯૫૫માં યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાએ તેના પ્રથમ બંધારણીય વાયુ પ્રદુષણ કાનુન પસાર કરીને નવી લડાઈની શરૂઆત કરી હતી. ત્યારબાદ કોંગ્રેસે ૧૯૭૦માં ક્લીન એર એક્ટ બનાવવામાં ૧૫ વર્ષ બીજા લાગી ગયા હતા. ત્યારબાદ બાજ નજર અને સાવચેતીના પગલા લેવામાં આવ્યા હતા. પરિણામે ૧૯૭૦થી લઈને ૨૦૧૭ સુધી છ સામાન્ય પ્રદુષક તત્વોના કુલ રાષ્ટ્રીય ઉત્સર્જન સરેરાશ ૭૩ ટકા ઘટી જતા તેના સારા પરિણામ હાથ લાગ્યા હતા. આજે અમેરિકા કેટલાક એવા દેશોમાં સામેલ છે જ્યાં હવા દુનિયામાં સૌથી વધારે સ્વચ્છ છે. સમય લાગ્યો પરંતુ એક સાર્થક પરિવર્તનની દિશામાં પગલુ લેવાયુ હતુ. આજે ભારત એજ પડકાર અને સમસ્યાનો સામનો કરે છે જે સમસ્યાનો સામનો અમેરિકાએ ભુતકાળમાં કર્યો હતો. જો ભારત અમેરિકાના અનુભવને લઈને શીખે છે તો તેને ફાયદો થઈ શકે છે. ભારતમાં અમેરિકાના રાજદુત કેનેથ જસ્ટરે કહ્યુ છે કે જે સિદ્ધી હાંસલ કરવામાં અમને ૪૦ વર્ષ લાગ્યા તેને હાંસલ કરવામાં ભારત ઓછા સમયમાં સમસ્યાનો ઉકેલ શોધી શકે છે. માત્ર ઈચ્છાશક્તિ એટલી રાખવી પડશે કે અમને અમારા નાગરિકોને સ્વચ્છ હવા આપવાની છે. મજબુત ઈચ્છાશક્તિ વગર આ સમસ્યા અને પડકારને પાર પાડી શકાશે નહીં. અમે જે બોધપાઠ લઈ ચુક્યા છીએ તે નાના હતા. સૌથી પહેલા તો વૈજ્ઞાનિક સમજદારી વિકસિત કરવાની જરૂર છે. વાયુ પ્રદુષણ કેમ થાય છે તે સમજી લેવાની જરૂર છે. સ્વચ્છ વાયુ બનાવવા કાનુન કઈ રીતે તૈયાર કરવામાં આવે. ટેકનોલોજી પણ આ જ રીતે વિકસિત કરવામાં આવે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ એક લાંબા ગાળાના પડકાર તરીકે છે જેથી આયોજન પણ જરૂરી છે. લોસ એન્જલસના આધાર પર બોધપાઠ લઈ શકાય છે. હવાને સ્વચ્છ કરવાના પ્રયાસો અવિરત જારી રાખવામાં આવી રહ્યા છે. જાણકાર લોકો કહે છે કે સ્વચ્છ હવાના આર્થિક લાભ માત્ર સારા આરોગ્ય અને ઉત્પાદકતા સુધી મર્યાદિત નથી. સ્વચ્છ હવા પેદાશમાં પણ વધારો કરે છે. જેના કારણે ખેડુતો અને વન્ય કર્મચારીઓને ફાયદો થાય છે. તે પ્રવાસ અને મનોરંજન તેમજ સ્વસ્થ જીવન માટે પણ પ્રોત્સાહન આપે છે. ઈપીએના તાજેતરના એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્વચ્છ હવા જુદી જુદી રીતે રીતે સીધો ફાયદો કરાવે છે. લોસએન્જલસની હવાની ગુણવત્તા હાલના વર્ષોમાં જે રીતે બગડી ગઈ છે તેના પર વૈજ્ઞાનિક રીતે પૂર્ણ રીતે અંકુશ મુકવાની બાબત સરળ નથી. છતાં હવાની ગુણવત્તા પર નજર રાખવામાં આવી રહી છે. સાથે સાથે આ પડકારને પહોંચી વળવાના તમામ પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. એવી ધારણા પણ રહેલી છે કે વાયુ પ્રદુષણને ઘટાડી દેવાથી આર્થિક વૃદ્ધિ પર પ્રહાર થાય છે. અમારા અનુભવ આને સમર્થન આપતા નથી. અમેરિકાના સવારી વાહનો વર્ષ ૧૯૬૦ના દશકની કારની તુલનામાં ૯૮થી ૯૯ ટકા વધારે સ્વચ્છ છે. અને હવાની ગુણવત્તામાં સુધારો થઈ રહ્યો છે. જ્યારે પહેલા કરતા વધારે લોકો આજે વાહનો ચલાવી રહ્યા છે. અમેરિકામાં લેવામાં આવી રહેલા પગલાના કારણે કાર અને અન્ય વાહનોના કારણે થનાર પ્રદુષણમાં પણ ઘટાડો થઈ રહ્યો છે.



## પ્રવાહી સ્થિતી વચ્ચે મ્યુચ્યુઅલ ફંડ । ચિંતા : ઉથલપાથલ વચ્ચે રોકાણ ક્યાં કરાય તેની ચિંતા સૌથી મોટી

# મ્યુચ્યુઅલ ફંડ યોગ્ય છે કે કેમ તે અંગેનો ફેસલો તો એ દરેક રોકાણકાર કરી શકે છે જે જોખમ ઉઠાવવાની પોતાની ક્ષમતાને ઓળખી કાઢે છે

મુડીરોકાણકારોની સામે હાલના સમયમાં સામાન્ય રીતે પ્રશ્ન એ થાય છે કે તે પોતાના નાણાંનુ રોકાણ તે ક્યાં કરે જેના કારણે તેની સંપત્તિમાં વધારો થઈ શકે. રિયલ એસ્ટેટમાં કોઈ દમ રહ્યો નથી. શેરબજારમાં પણ હાલમાં પ્રવાહી સ્થિતી પ્રવર્તી રહી છે. કારોબારી વધારે રોકાણ કરવા માટે હિમ્મત કરી રહ્યા નથી. ખરાબ સમયના સાથી તરીકે ગણાતા સોનાની સપાટી હવે એવા સ્તર પર પહોંચી ગઈ છે જ્યાંથી તેની કિંમતમાં ઘટાડો થવાની જ આશંકા વધારે દેખાઈ રહી છે.

ફિક્સ્ડ ડિપોઝીટના દરો પણ હાલમાં આકર્ષિત રહ્યા નથી. સાથે સાથે પાકતી રકમ પર ટેક્સ પણ લાગુ કરવામાં આવે છે. આવી સ્થિતીમાં માત્ર મ્યુચ્યુઅલ ફંડ જ રહી જાય છે. જેનો પ્રચાર હાલમાં જોરદાર રીતે કરવામાં આવી રહ્યો છે. મ્યુચ્યુઅલ ફંડ સહી હે તે સ્લોગન હાલમાં ચારેબાજુ જોવા મળે છે. મોટા ભાગના લોકો એમ વિચારીને મ્યુચ્યુઅલ ફંડમાં નાણાં લગાવી દે છે કે હકીકતમાં ફંડ મેનેજર એવા શેરમાં અથવા તો ડેટમાં પૈસા લગાવી રહ્યા હશે જેમના કારણે તેમને ખુબ વધારે ફાયદો થશે. મ્યુચ્યુઅલ ફંડ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) ખાતામાં સમગ્ર દેશમાંથી આશરે ૨.૨૯ લાખ કરોડ રૂપિયા લગાવી દેવામાં આવ્યા છે. એકલા જુન મહિનામાં જ ૭૫૫૬ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. જે રકમ દર્શાવે છે કે મ્યુચ્યુઅલ ફંડમાં હાલમાં સમયમાં કેટલા મોટા પાયે રોકાણ કરવામાં આવી રહ્યુ છે. ભલે રોકાણના આ માધ્યમની લોકપ્રિયતા હાલમાં આસમાન પર છે પરંતુ આ કડવી વાસ્તવિકતાને નજર અંદાજ કરી શકાય નહીં કે તેમા પણ તમામ પ્રકારના જોખમ રહેલા છે. કેટલાક ફંડ નુકસાનમાં પણ પહોંચી ચુક્યા છે. હકીકતમાં ભારતમાં રોકાણનુ સ્વરૂપ એવુ છે કે જ્યારે લોકો રોકાણ કરે છે ત્યારે એક જ સેક્ટરમાં સતત રોકાણ કરવામાં આવે છે. આક્રમક જાહેરાતો અને રોકાણના મર્યાદિત સાધનો હોવાના કારણે રોકાણકારોને રોકાણના આ માધ્યમમાં નફો વધારે હોવાની બાબત દેખાઈ રહી છે. કમીશનના કારણે રોકાણ સલાહકારો પણ હવે લોકોને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટેની સલાહ આપી રહ્યા છે. જેના કારણે મ્યુચ્યુઅલ ફંડનુ નેટવર્ક સતત વધી રહ્યુ છે. હવે આંકડા કઈ જુદી વાત કરી રહ્યા છે. એક રિસર્ચમાં દાવો કરવામાં આવ્યો છે કે કેટલાક મ્યુચ્યુઅલ ફંડ નુકસાનમાં જતા રહ્યા છે. કેટલાક આઈપીઓ બચાવવા માટેના ચક્કરમાં પડીને પોતાના પૈસા ગુમાવી ચુકયા છે. બગડી ગયેલી સ્થિતીમાં આવા ફંડ મેનેજરોની રોકાણકારોને આકર્ષિત કરવાના પ્રયાસના કારણે બજાર નિયામક સેબીને પણ નજર રાખવાની ફરજ પડી રહી છે. મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓએ ગ્રાહકોને લાલચ આપવા અને એમ કહીએ કે તેમને ભ્રમિત કરવા માટે કેટલાક ફંડા રજૂ કરવામાં આવી રહ્યા છે. જેના કારણે બજારમાં ભ્રમની સ્થિતી ઉભી થઈ ગઈ છે. થોડાક દિવસ પહેલા એક બિન સરકારી બેંક સહાયક કંપનીના આઈપીઓને મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે જે રીતે ૫૦થી વધારે મ્યુચ્યુઅલ ફંડના પૈસા તેમાં લગાવી દેવામાં આવ્યા હતા અને આઈપીઓના નબળા લિસ્ટિંગપર શેર નુકસાનમાં પહોંચી ગયા બાદ મ્યુચ્યુઅલ ફંડ હાઉસ તેને વેચીને બહાર નિકળ્યા તેના કારણે રોકાણકારોને ભારે નુકસાનનો સામનો કરવો પડ્યો હતો. એકબાજુ મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ દાવો કરે છે કે તે ખુબ ગંભીરતાપૂર્વક વિચારીને ગ્રાહકોના પૈસા રોકે છે. બીજી બાજુ આ કડવી વાસ્તવિકતા છે કે પોતાની જરૂરિયાતો અને વેપારી સંબંધો ટકાવી રાખવા માટે તેઓ પણ રોકાણ કરેછે. ફંડ હાઉસ રોકાણના સમય ખુશ અને આશાવાદી તો દેખાય છે પરંતુ પરંતુ નુકસાન થવા અથવા તો ઈચ્છિત લાભ ન હોવાની સ્થિતીમાં તેમનો ભાર આ બાબત પર આધારિત હોય છે કે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ જોખમી હોય છે. આવુ તેની જાહેરાતમાં પણ સ્પષ્ટ રીતે દર્શાવાય છે. જો મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓના દાવા સાચા રહ્યા હોત તો મોટી સંખ્યામાં ફંડ નુકસાનમાં જતા રહ્યા ન હોત. વાસ્તવિકતા એ છે કે ફંડ મેનેજર પણ ખોટા સમયમાં ખોટા શેરની ખરીદી કરે છે અને વેચે છે. એટલુ જ નહીં કેટલીક વખત તેમના નિર્ણય કોઈ અન્ય નાણાંકીય સંસ્થાને બચાવી લેવા માટે હોય છે. જેના કારણે નુકસાનની પૂર્ણ સંભાવના હોય છે. શેરબજારમાં રહેતા ઉતારચઢાવની સ્થિતી અંગે યોગ્ય ગણતરી કરવાની બાબત ફંડ મેનેજર માટે શક્ય નથી.





Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com


CMYK

### સાસુ સાથે ભક્તિમાં લીન જોવા મળી


# શિરડી સાંઈ બાબાના દરબારમાં પહોંચી અભિનેત્રી કેટરીના કૈફ



કેટરીના કૈફે શિરડી સાંઈ બાબાના દર્શને પધારી હતી, જેનો એક વિડિયો સામે આવ્યો છે, જેમાં તે હાથ જોડીને ભક્તિમાં લીન જોવા મળી હતી. અભિનેત્રીએ સફેદ રંગનો સલવાર સૂટ પહેર્યો હતો, જ્યારે તેની સાસુએ જાંબલી રંગનો સલવાર સૂટ પહેર્યો હતો.કેટરિના કૈફ અવારનવાર મંદિરોમાં જાય છે. અભિનેત્રીએ તાજેતરમાં જ તેના પતિ વિકી કૌશલ અને સાસુ વીણા કૌશલ સાથે મુંબઈમાં સિદ્ધિ વિનાયકના દર્શન કરવા ગઈ હતી. ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ગ્લેમરસ અભિનેત્રીઓ અવારનવાર સાદગી સાથે મંદિરે જાય છે. શિરડી મંદિર પહેલા કેટરીના પણ લીલા રંગના સિમ્પલ સૂટમાં સિદ્ધિવિનાયક મંદિર પહોંચી હતી. માત્ર પૂજા જ નહીં, અભિનેત્રીને ઉપવાસ કરવામાં પણ ખૂબ જ રસ છે. અભિનેત્રીએ તેના પતિ માટે કરવા ચોથનું વ્રત રાખ્યું હતું, તેણે પૂજા અને કરાવવા ચોથની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી.તસવીરોમાં કેટરીના તેની સાસુ અને આખા પરિવાર સાથે સુંદર ક્ષણો વિતાવતી જોવા મળી હતી. એક નિખાલસ શૉટમાં વીણા કેટરિનાને પ્રેમથી આશીર્વાદ આપતી જોવા મળી હતી, જ્યારે બીજી તસવીરમાં તે કેટરિનાને જોઈને હસતી જોવા મળી હતી. કેટરિના કૈફના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, અભિનેત્રી શ્રીરામ રાઘવનની ફિલ્મ 'મેરી ક્રિસમસ'માં વિજય સેતુપતિ સાથે જોવા મળી હતી.

# મારી પુત્રી હિંદુ છે એવા પ્રમાણપત્રની જરૂર નથી : શત્રુઘ્ન સિન્હા

### શત્રુઘ્નએ પણ મુકેશ ખન્નાની ટિપ્પણી પર આપી પ્રતિક્રિયા



મુકેશ ખન્નાએ તાજેતરમાં જ શત્રુઘ્ન સિન્હાની પુત્રી અને બોલિવૂડ અભિનેત્રી સોનાક્ષીના ઉછેર પર સવાલો ઉઠાવ્યા હતા અને રામાયણ વિશેના જ્ઞાનના અભાવ માટે તેમની ટીકા કરી હતી. 'કૌન બનેગા કરોડપતિ'ના એક એપિસોડમાં હિંદુ મહાકાવ્ય સાથે સંબંધિત એક પ્રશ્નનો જવાબ ન આપી શકવાથી સોનાક્ષી સાથે આ વિવાદ શરૂ થયો હતો. જેના પર મુકેશ ખન્ના પહેલા જ એક્ટ્રેસ પર નિશાન સાધી ચૂક્યા છે અને હવે તેમણે ફરી એકવાર સોનાક્ષીની જાણકારી પર સવાલ ઉઠાવ્યા છે. આવી સ્થિતિમાં સોનાક્ષી પણ પોતાની જાતને કાબૂમાં રાખી શકી નહીં અને તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શક્તિમાન એટલે કે મુકેશ ખન્નાની ટીકા કરી. પરંતુ શું તમે જાણો છો કે થોડા વર્ષો પહેલા ૨૦૨૦માં સોનાક્ષીના પિતા શત્રુઘ્ન સિન્હાએ પણ આ અંગે પ્રતિક્રિયા આપી હતી.હકીકતમાં, આ પહેલા પણ મુકેશ ખન્ના કેબીસીમાં 'રામાયણ' સાથે જોડાયેલા સવાલનો જવાબ ન આપી શકવાને કારણે સોનાક્ષી સિન્હા પર નિશાન સાધતા રહ્યા છે. તેણે આ અંગે ઘણી વખત અભિનેત્રી પર નિશાન સાધ્યું છે. થોડા વર્ષો પહેલા શત્રુઘ્ન સિન્હાએ આ મામલે પ્રતિક્રિયા આપી હતી અને તેમનું નામ લીધા વિના, અભિનેતાને ફટકાર લગાવી હતી.બોલિવૂડ હંગામા સાથે વાત કરતા શત્રુઘ્ન સિન્હાએ કોઈનું નામ લીધા વિના કહ્યું, 'હું માનું છું કે કોઈને એ વાતમાં સમસ્યા છે કે સોનાક્ષી રામાયણ પરના સવાલનો જવાબ આપી શકી નથી.

# પ્રિયા બાપટે લાઇફમાં પહેલી વખત લાઇવ કોન્સર્ટમાં પરફોર્મ કર્યુ

### પ્રિયાને પોતાની ક્ષમતાઓ ચકાસવા માટે સંગીત તરફ જવાની ઇચ્છા છે, તો તેને તક મળે તો વધુ ગાવા માગે છે



એક્ટ્રેસ પ્રિયા બાપટે તાજેતરમાં પોતાના જીવનનું એક મોટું સપનું સાકાર કર્યું છે. તેણે ઈન્ડિયન ઓશન બૅન્ડ સાથે લાઈવ કોન્સર્ટમાં પરફોર્મ કર્યું હતું. આ અંગે તેણે કહ્યું,"એ જાદુઈ અનુભવ હતો અને જાણે સપના જેવું લાગતું હતું. હું એક થિએટર એક્ટર છું, તેથી મને સ્ટેજ પર રહેવાની આદત છે. પરંતુ એ એક્ટિંગ છે અને એના માટે હું મહિનાઓ સુધી રિહર્સલ કરું છું, એ મારું રોજનું કામ છે. આ અલગ અનુભવ હતો, ઓડિયન્સની જે ઘેલછા તમને જોવા મળે એ અલગ સ્તરની હતી."પ્રિયાએ આગળ જણાવ્યું, "ઓડિયન્સ મને જોવા નહોતું આવ્યું, એ લોકો ઈન્ડિયન ઓશનનો કોન્સર્ટ સાંભળવા આવ્યા હતા. તેથી મારી જવાબદારી વધારે હતી કે હું એમનો અનુભવ ખરાબ ન કરું. હું થોડી નર્વસ હતી પરંતુ મારી ટીમ અને મારા હસબન્ડે મને સ્ટેજ પર જઈને મજા લેવા સમજાવી. તેમાં પણ સૌથી ડર લાગે એવી વાત હતી, લિરિક્સ, કારણ કે એ પિયુષ મિશ્રાના શબ્દો હતા. તેથી હું થોડી વધારે નર્વસ થઈ ગઈ હતી, પરંતુ ઈન્ડિયન ઓશનની ટીમે બધું સંભાળી લીધું. એ લોકો ખરા રોકસ્ટાર છે."

પોતાને મળેલી આ તક અંગે પ્રિયાએ કહ્યું કે ગુડગાંવમાં તેની એક મિત્રએ ઈન્ડિયન ઓશનનો શો સાંભળ્યો હતો, જેમાં તેમણે પ્રિયાની એક મરાઠી ફિલ્મનું ગીત પરફોર્મ કર્યું હતું. "અમે લોકો વીડિયો કોલ પર એક વખત મળ્યા અને પછી હું ઈટાલીમાં વેકેશન માટે જતી રહી હતી.

# રેપર-સિંગર બાદશાહને ગુરુગ્રામ પોલીસે ફટકાર્યો મોટો દંડ



રેપર-સિંગર બાદશાહને એક ભૂલ ભારે પડી છે. ગુરુગ્રામ પોલીસે રેપર-સિંગરનું ટ્રાફિક નિયમો ફોલો ન કરવાના કારણે ચલણ કાપ્યું છે. બાદશાહ ગુરુગ્રામમાં એક કોન્સર્ટમાં સામેલ થવા માટે આવ્યો હતો. જે ગાડીમાં બાદશાહ સવાર હતો, તે ગાડી રોંગ સાઈડમાં ચલાવવામાં આવી રહી હતી. ત્યારે ટ્રાફિક પોલીસે બાદશાહનું ચણલ કાપ્યું છે. બાદશાહ ગુરુગ્રામના સેક્ટર ૬૮માં એયરિયા મોલમાં આયોજિત કરણ ઔજલાના કોન્સર્ટમાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે બાદશાહ બ્લેક રંગની થાર કારમાં ગુરુગ્રામ પહોંચ્યો હતો. આ ગાડી પાણીપતના એક યુવકના નામે રજિસ્ટર્ડ છે. બીજી તરફ બાદશાહની કાર રોંગ સાઈડમાં ચલાવવા પર સોશિયલ મીડિયા પર લોકોએ સવાલો ઉઠાવતા પોલીસ પણ એક્શનમાં આવી ગઈ અને કાર્યવાહી કરતા ટ્રાફિકના નિયમો તોડવા બદલ રેપર-સિંગરને મોટો દંડ ફટકાર્યો છે. તમને જણાવી દઈએ કે, રોંગ સાઈડમાં ગાડી ચલાવવા બદલ ગુરુગ્રામ પોલીસે બાદશાહ પાસેથી મોટો દંડ વસૂલ્યો છે.


# સામંથાને ૨૦૨૫માં વફાદાર અને પ્રેમાળ પાર્ટનરની તલાશ

### નાગા ચૈતન્ય અને શોભિતાના લગ્ન પછી સમંથાની પોસ્ટ થઈ વાયરલ

નાગા ચૈતન્ય અને સામંથા રુથ પ્રભુના ડિવોર્સ સત્તાવાર જાહેર થતાં પહેલાં તેમના સંબંધો ચર્ચામાં રહ્યા છે. આ બાબતે સામંથા અનેક વિવાદોનો સામનો કરી ચૂકી છે. પછી જ્યારથી શોભિતા ધુલીપાલા અને નાગા ચૈતન્યના લગ્નની વાત શરૂ થઈ અને પછી તેમના લગ્નની વિધિઓ શરૂ થઈ ત્યારથી સામંથાની જૂની પોસ્ટ કે નવા નિવેદનો ફરી ચર્ચામાં રહેતા થયા છે. તાજેતરમાં સામંથાએ પોતાના વર્ષ ૨૦૨૫ માટેનું વૃષભ, કન્યા અને મકર રાશિનું ભવિષ્ય દર્શાવતી પોસ્ટ શેર કરી હતી, તેણે ચર્ચા જગાવી છે. તેના ભવિષ્યમાં કારકિર્દીમાં બઢતી, આર્થિક સ્થિરતા અને વફાદાર તેમજ પ્રેમાળ પાર્ટનરનાં વચનની વાત હતી. સમંથાએ લખ્યું હતું, "તથાસ્તુ" અને પોતાની દિલની આશાઓ વ્યક્ત કરી હતી કે આ ભવિષ્ય સાચું પડે.આ ભવિષ્યમાં સંબંધો સિવાય, વધુ સિદ્ધિઓ માટેની તકો, સ્થળાંતર, આવકના એકથી વધુ સ્ત્રોત અને જેમને પરિવાર વિકસાવવું હોય તેમના માટે ફર્ટિલિટીની વાત હતી. સામંથાએ આ પોસ્ટ જે સમયે શેર કરી તેણે લોકોનું ખાસ ધ્યાન ખેંચ્યું છે, કારણ કે એ નાગા ચૈતન્ય અને શોભિતાના લગ્નના બીજા જ દિવસે શેર કરી છે. તેથી લોકો આ પોસ્ટને તેના પૂર્વ પતિના લગ્ન સાથે જોડી રહ્યા છે. જોકે, સામંથાએ આ અંગે કોઈ સીધી નવી શરૂઆત અને વફાદાર પાર્ટનરની અંગત જીવનમાં જરૂર વિશે કોઈ વાત કરી નથી. આથી આગળ સામંથાએ પોતાની પોસ્ટમાં એવું પણ લખ્યું,"કેટલાક વર્ષો જીતવા માટે હોય છે, કેટલાક વર્ષો તમારી છબિ બનાવવા માટે હોય છે." તેથી આ નિવેદનને પણ લોકોની ચર્ચાઓને પ્રોત્સાહન આપ્યું અને તેને લોકો સામંથાની વિચારધારા અને પોતાના વિકાસ અને પ્રતિકાર કરવાની ક્ષમતા સાથે જોડવા લાગ્યા હતા.



# 'પુષ્પા ૨'નો અંત લટકાવી રાખવા બદલ રાજામૌલિ જવાબદાર?




સમગ્ર દેશમાં બે અઠવાડિયાથી 'પુષ્પા ૨' છવાઈ ગઈ છે. ખાસ કરીને હિન્દી ફિલ્મ જોતા રાજ્યોમાં સફળતાએ 'પુષ્પા ૨'ને સરળતાથી ૧૦૦૦ કરોડની ક્લબમાં સ્થાન અપાવ્યું છે. બ્લોકબસ્ટર હોવા છતાં આ ફિલ્મ તેના અંત માટે ટીકા થઈરહી છે. અંત લટકાવી રાખવા બદલ કેટલાક લોકો રાજામૌલીને જવાબદાર માને છે.ઘણા લોકો એવું માને છે કે 'બાહુબલી ૨' સાથે રાજામૌલીએ સીક્વલનો ટ્રેન્ડ શરૂ કર્યો છે. ત્યાર પછી લગભગ બધી જ મોટી ફિલ્મો છેલ્લે એક એવા પડાવ પર લાવીને લટકાવી દેવામાં આવે છે, જેથી ઓડિયન્સને હવે પછી શું? તેની ઉત્સુકતા રહે. ફિલ્મનો અંત યોગ્ય છે કે નહીં તે વિચાર્યા વગર આમ થતું હોવાથી ભારતીય ઓડિયન્સને ગમતી 'હેપ્પી એન્ડિંગ'વાળી મજા આવતી નથી. આ જ કારણથી 'દેવરા' અને 'પુષ્પા ૨' બંનેની ખેંચાયેલા અને અસંતોષકારક અંત બદલ ટીકા થઈ છે.દર્શકો એક ફિલ્મ પાછળ ત્રણથી ચાર કલાક વેડફે અને અંતે કશું અર્થસભર જોયાં વિના થિએટરમાંથી નીકળી જતાં હોય એવું લાગે છે. ભારતીય સીનેમામાં સીક્વલનો દોર રાજામૌલિની બાહુબલિ સાથે થયો હતો. મહિનાઓ સુધી કટપ્પાને બાહુબલિ કો ક્યું મારા? ટ્રેન્ડ થયુ હતું. આ ઉત્સુકતા ફિલ્મને લાભ કરાવી ગઈ અને તેથી ફિલ્મ મેકર્સે રાજામૌલિને ફોલો કર્યા.

# અભિનેત્રી સોનાક્ષીએ મુકેશ ખન્નાને રોકડું પરખાવ્યું


સોનાક્ષી સિંહાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને મુકેશ ખન્નાની ટીકા કરી છે. મુકેશ ખન્નાએ તેના ઉછેર પર ટિપ્પણી કરી હતી, જેના પછી અભિનેત્રી ગુસ્સે થઈ ગઈ હતી. સોનાક્ષી સિન્હા મુકેશ ખન્ના પર ગુસ્સે છે કારણ કે તેણે તેના પિતા શત્રુઘ્ન સિન્હાના ઉછેર પર ટિપ્પણી કરી હતી.શક્તિમાન મુકેશ ખન્ના હંમેશા પોતાના નિવેદનોને કારણે હેડલાઈન્સ બને છે. ક્યારેક તે પોતાના નિવેદનોને કારણે ટ્રોલ થાય છે તો ક્યારેક તેના વખાણ પણ થાય છે. થોડા સમય પહેલા મુકેશ ખન્નાએ કેબીસીમાં ભગવાન હનુમાન સાથે જોડાયેલા સવાલનો જવાબ સોનાક્ષી ન આપી શકવા પર ટિપ્પણી કરી હતી. મુકેશ ખન્નાએ શત્રુઘ્ન સિંહાના ઉછેર વિશે ટિપ્પણી કરી હતી. સોનાક્ષીને આ વાતની ખબર પડી અને તેણે મુકેશ ખન્નાના ક્લાસ શરૂ કર્યા. તેણે સોશિયલ મીડિયા પર એક લાંબી પોસ્ટ શેર કરીને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. સોનાક્ષીની આ પોસ્ટ હવે વાયરલ થઈ રહી છે.સોનાક્ષીએ આ પોસ્ટ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કરી છે. તેણે લખ્યું- મેં તાજેતરમાં તમારું એક નિવેદન વાંચ્યું જેમાં તમે કહ્યું હતું કે મારા પિતાની ભૂલ હતી કે હું રામાયણ સંબંધિત પ્રશ્નનો સાચો જવાબ આપી શકી નહીં. હું ઘણા વર્ષો પહેલા આ શોમાં ગઈ હતી . તમને યાદ કરાવી દઈએ કે તે સમયે મારી સાથે હોટ સીટ પર અન્ય બે મહિલાઓ પણ હતી, તેઓને પણ આ સવાલનો જવાબ ખબર ન હતી. પણ તમે વારંવાર મારું નામ જ લીધું.સોનાક્ષી ગુસ્સે થઈ ગઈશોમાં પોતાની ભૂલ સ્વીકારતા સોનાક્ષીએ કહ્યું- હા, તે દિવસે મને યાદ ન આવ્યું . સંજીવની બુટી કોણ લાવ્યું તે ભૂલી જવાની માનવીય વૃત્તિ છે પણ તમે ભગવાન રામના ક્ષમાશીલ ઉપદેશો ભૂલી ગયા હોય તેવું લાગે છે. જો ભગવાન રામ મંથરાને માફ કરી શકે છે.



# એક્સ બોયફ્રેન્ડ વીર સાથે ખુબ નાચી સારા અલી ખાન

### અભિનેત્રી સારા અલી ખાન પોતાની લવ લાઈફને લઈને ચર્ચામાં રહે છે

અભિનેત્રી સારા અલી ખાન પોતાની લવ લાઈફને લઈને ચર્ચામાં રહે છે. હવે સારાનો તેના એક્સ બોયફ્રેન્ડ વીર પહાડિયા સાથેનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો મસૂરીનો છે. આ વીડિયોમાં તે વીર સાથે ડાન્સ કરતી જોવા મળી રહી છે. બંનેને એકસાથે ડાન્સ કરતા જોઈને સોશિયલ મીડિયા પર એવી ચર્ચા ચાલી રહી છે કે કદાચ બંનેએ ફરી એકવાર તેમના પ્રેમને તક આપવાનું વિચાર્યું છે. જોકે, આ અંગે બંને તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી.તમને જણાવી દઈએ કે વીડિયોમાં સારા અલી ખાન અને વીર પહાડિયા પહાડિયા ગઢવાલી ગીત પર ડાન્સ કરતા જોવા મળે છે. પાછળ તિબેટીયન બૌદ્ધ મંદિર દેખાય છે. બંને એકસાથે ડાન્સ કરતા ખૂબ જ ખુશ દેખાઈ રહ્યા છે. સારાએ વ્હાઈટ કલરની સાડી પહેરી છે. આ સાથે મેચિંગ સ્લીવલેસ બ્લાઉઝ પહેરેલો છે. જ્યારે વીર બ્લેક બ્લેઝર અને સફેદ પેન્ટ, બ્રાઉન બૂટમાં છે.નોંધનીય છે કે સારા અલી ખાન અને વીર પહાડિયા મુંબઈમાં સાથે મોટા થયા હતા અને કહેવાય છે કે બંને એક સમયે એકબીજાને ડેટ પણ કરી ચૂક્યા હતા. સારા અલી ખાનનું નામ તેની કારકિર્દીના પ્રારંભિક તબક્કામાં વીર પહાડિયા સાથે જોડાયું હતું. જોકે, ફિલ્મી દુનિયામાં આવ્યા બાદ સારા અલી ખાનનું નામ ઘણા લોકો સાથે જોડાઈ ગયું છે. આ વીડિયો કોઈ ફિલ્મના શૂટિંગનો લાગે છે. આ વીડિયો ફિલ્મ સ્કાય ફોર્સનો જણાવવામાં આવી રહ્યો છે. સ્કાય ફોર્સમાં અક્ષય કુમાર લીડ રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ૨૦૨૫માં રિલીઝ થશે. આ એક એક્શન ફિલ્મ છે. આ ફિલ્મનું નિર્માણ અમર કૌશિક, દિનેશ વિજને કર્યું હતું.સારા અલી ખાનના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે છેલ્લે ફિલ્મ એ વતન મેરે વતનમાં જોવા મળી હતી. આ ફિલ્મમાં તે ઉષા મહેતાના રોલમાં હતી.



દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૨૫ લોકોના મોત

# આફ્રિકન દેશ કોંગોની ફિમી નદીમાં મુસાફરોથી ભરેલી એક બોટ પલટી

## ઘણા લોકો ગુમ થવાના અહેવાલ છે । અધિકારીઓ અને સ્થાનિક રહેવાસીઓએ આ માહિતી આપી હતી

। કિંશાસા,તા.૧૮ ।

આફ્રિકન દેશ કોંગોમાં મંગળવારે મુસાફરોને લઈને જઈ રહેલી એક બોટ અચાનક ઊંચા મોજાની ઝપેટમાં આવી ગઈ અને નદીમાં પલટી ગઈ. જેના કારણે બોટમાં સવાર ઓછામાં ઓછા ૨૫ લોકોના મોત થયા હતા. ઘણા લોકો ગુમ થવાના અહેવાલ છે. અધિકારીઓ અને સ્થાનિક રહેવાસીઓએ આ માહિતી આપી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે આ બોટ કોંગોની રાજધાની કિંશાસાના ઉત્તર-પૂર્વમાં આવેલા ઈનોન્ગો શહેરથી નીકળી હતી. મળતી માહિતી મુજબ આ બોટમાં ૧૦૦ થી વધુ મુસાફરો સવાર હતા.આ અકસ્માત ફિમી નદીમાં થયો હતો. બોટમાં મુસાફરોની સંખ્યા વધુ હોવાથી આ અકસ્માત સર્જાયો હોવાની આશંકા છે. રાહત અને બચાવ ટીમો અને ડાઈવર્સ સ્થળ પર તૈનાત કરવામાં આવ્યા છે. ગુમ થયેલા લોકોની શોધ માટે એક ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ ઘટનામાં મૃત્યુઆંક વધવાની આશંકા છે.ઈનોન્ગો નદીના કમિશનર ડેવિડ કાલેમ્બાએ જણાવ્યું હતું કે, "ફેરી તેની ક્ષમતા કરતા વધુ મુસાફરોને વહન કરી રહી હતી. આ કારણોસર હોડી ડૂબી જવાની આશંકા છે. અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૨૫ મૃતદેહો મળી આવ્યા છે. અન્ય ગુમ થયેલા લોકોની શોધ ચાલુ છે. તેણે કહ્યું કે આ વિસ્તારના રહેવાસી એલેક્સ મ્બુમ્બાના જણાવ્યા અનુસાર બોટમાં ઘણો સામાન હતો.કાલેમ્બાએ કહ્યું, "મૃતકોમાં બાળકો પણ સામેલ છે, પરંતુ આ સમયે મૃતકોની ચોક્કસ સંખ્યા જણાવવી મુશ્કેલ છે કારણ કે બોટમાં ઘણા મુસાફરો હતા." આફ્રિકન દેશ કોંગોમાં મંગળવારે મુસાફરોને લઈને જઈ રહેલી એક બોટ અચાનક ઊંચા મોજાની ઝપેટમાં આવી ગઈ અને નદીમાં પલટી ગઈ.

'બાઇડેન સરકારના નિર્ણયને બદલવાની દિશામાં વિચારી શકું': ચૂંટાયેલા અમેરિકી પ્રમુખ

# રશિયા સામે યુક્રેનને શસ્ત્રો આપવાનો નિર્ણય બાઇડેનની મૂર્ખામી : ડોનાલ્ડ ટ્રમ્પ

## અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે બાઇડેન દ્વારા રશિયા પર હુમલો કરવા યુક્રેનને અમેરિકાની લાંબી રેન્જની મિસાઇલ્સ આપવાના નિર્ણયને બદલવાનો સંકેત આપ્યો છે



। પામ બીચ, તા.૧૮ ।

અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે બાઈડેન દ્વારા રશિયા પર હુમલો કરવા યુક્રેનને અમેરિકાની લાંબી રેન્જની મિસાઈલ્સ આપવાના નિર્ણયને બદલવાનો સંકેત આપ્યો છે. તેમણે સોમવારે બાઈડેનના પગલાને મૂર્ખામીભર્યું ગણાવ્યું હતું. તેમણે એ બાબતે રોષ વ્યક્ત કર્યો હતો કે, બાઈડેને નિર્ણય લેતા પહેલાં નવી સરકારના સભ્યો સાથે તેની ચર્ચા કરી ન હતી.ટ્રમ્પે જણાવ્યું હતું કે, "બાઈડેને યુક્રેનને રશિયાના હજારો માઈલ દૂરના સ્થળો પર હુમલો કરવા અમેરિકાની 'આર્મી ટેક્ટિકલ મિસાઈલ સિસ્ટમ' આપી હતી. તેની મંજૂરી આપવી જોઈતી ન હતી. ખાસ કરીને ત્યારે જ્યારે થોડા દિવસોમાં મારી સરકાર રચાવાની છે. મને પૂછવામાં આવ્યું હોત તો મેં આવું કરવાની મંજૂરી ન આપી હોત. મારા મતે આ મોટી ભૂલ હતી." ટ્રમ્પે તેના માર-આ-લાગો રિસોર્ટ ખાતેની ન્યૂઝ કોન્ફરન્સમાં વિસ્તારપૂર્વક વાતચીત કરી હતી. તેમને પ્રશ્ન પુછાયો હતો કે, "તમે બાઈડેન સરકારના આ નિર્ણયને પલટવાનું વિચારશો?" તેના જવાબમાં ટ્રમ્પે કહ્યું હતું કે, "હા, હું વિચારી શકું."ઉલ્લેખનીય છે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રેસિડેન્ટ તરીકે ૨૦ જાન્યુઆરીએ શપથ લેવાના છે ત્યારે બાઈડેન સરકાર એ પહેલાં યુક્રેનને રશિયા સામે યુદ્ધ માટે શક્ય તમામ સહાય આપવાના જોરશોરથી પ્રયાસ કરી રહી છે. જોકે, ટ્રમ્પના નિવેદનને પગલે યુક્રેનને થોડા સમય પહેલાં અપાયેલી લાંબી રેન્જની મિસાઈલ્સના નિર્ણય પર પ્રશ્નાર્થ ઊભો થયો છે. ટ્રમ્પ પ્રેસિડેન્ટ બન્યા ત્યારથી યુક્રેન-રશિયા યુદ્ધનો ઝડપથી અંત લાવવાની ઈચ્છા વ્યક્ત કરી ચૂક્યા છે. વ્હાઈટ હાઉસના રાષ્ટ્રીય સુરક્ષા પ્રવક્તા જ્હોન કિર્બીએ બાઈડેન સરકાર અને નવી રચાનારી ટ્રમ્પ સરકાર વચ્ચેના સંકલન અંગે જણાવ્યું હતું કે, "અમે તેમની સાથે ચૂંટણી પછી વિવિધ સ્તરે ચર્ચા કરી છે. અમે તેમને યુક્રેનને શસ્ત્રો આપવાના તર્કની પણ સમજણ આપી છે."ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે જણાવ્યું હતું કે, તે લગભગ ત્રણ વર્ષથી ચાલતા યુદ્ધનો અંત લાવવા માટે યુક્રેનના પ્રેસિડેન્ટ વોલોદિમીર ઝેલેન્સ્કી અને રશિયન પ્રેસિડેન્ટ વ્લાદિમીર પુતિન સાથે વાત કરશે.

## ન્યૂઝ બ્રિફ



માર્ગ પર બનાવવામાં આવનાર રોપ-વે પ્રોજેક્ટનો વિરોધ કરવામાં આવી રહ્યો છે

### વૈષ્ણો દેવીના ભક્તોને આંચકો! ઘોડા, પીઠુ, પાલખી અને બજાર પણ બંધ રહ્યાં

। કટરા, તા.૧૮ ।

જમ્મુના કટરામાં શ્રી માતા વૈષ્ણો દેવી માર્ગ પર બનાવવામાં આવનાર રોપ-વે પ્રોજેક્ટનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. શ્રી માતા વૈષ્ણોદેવી સંઘર્ષ સમિતિ દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું છે. વિરોધના કારણે કટરામાં બંધની વ્યાપક અસર જોવા મળી રહી છે, જેના કારણે માતા વૈષ્ણો દેવીના દર્શન કરવા આવેલા ભક્તોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મંદિરના માર્ગ પર ઘોડાઓ, પીઠુઓ, પાલખીઓ અને બજારો પણ બંધ છે.શ્રીમાતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડે તારાકોટ રોપવે પ્રોજેક્ટ સાથે આગળ વધવાની મંજૂરી આપી છે. આ પછી સ્થાનિક લોક સંઘર્ષ સમિતિએ વિરોધ ઉગ્ર બનાવ્યો છે. સંઘર્ષ સમિતિએ આ પ્રોજેક્ટ સામે કડક ચેતવણી પણ આપી છે. બંધના કારણે ધર્મનગરીથી ચારણ પાદુકા બજાર સુધીની દુકાનોના શટર પડી ગયા છે. સ્થાનિક દુકાનદારો, પાલખીના ચાલકો પણ બંધના સમર્થનમાં બહાર આવ્યા છે.

### સુપરસ્ટારે સાથે સૂવાનું કહ્યું હતું, કિસ્ના એક્ટ્રેસનો ચોંકાવનારો ખુલાસો

। મુંબઇ, તા.૧૮ ।

છેલ્લા કેટલાક વર્ષોમાં, બોલિવૂડમાં અભિનેત્રીઓએ તેમની સાથે થતા ગેરવર્તણૂક અને ફિલ્મ નિર્માતાઓ, નિર્માતાઓ અથવા સ્ટાર્સ દ્વારા પૂછવામાં આવતી અનૈતિક તરફેણ વિશે ખુલ્લેઆમ વાત કરવાનું શરૂ કર્યું છે. તાજેતરમાં ઘણી અભિનેત્રીઓએ કાસ્ટિંગ કાઉચની ખુલ્લેઆમ ચર્ચા કરી હતી. હવે આ યાદીમાં એક નવું નામ ઉમેરાયું છે. તમને વિવેક ઓબેરોયની ફિલ્મ 'કિસ્ના'ની અભિનેત્રી ઈશા શર્વની યાદ હશે. ઈશાએ હવે ફિલ્મી દુનિયાથી દૂર ડાન્સ કરીને પોતાની ઓળખ બનાવી છે. તે છેલ્લે ઈરફાન ખાનની 'કરીબ-કરીબ સિંગલ'માં જોવા મળી હતી. આ પછી, અભિનેત્રી છેલ્લા ઘણા વર્ષોમાં કોઈ ફિલ્મમાં જોવા મળી નથી. હવે ઈશા શરવાનીએ આ પાછળનું કારણ જાહેર કર્યું છે.ઈશા શર્વનીએ જણાવ્યું કે, એક સુપરસ્ટારે તેને ફિલ્મના બદલામાં તેની સાથે સૂવાનું કહ્યું હતું, ત્યારબાદ તેને લાગ્યું કે તેનો જીવ જોખમમાં છે. સિદ્ધાર્થ કાનન સાથેની વાતચીતમાં ઈશા શર્વનીએ જણાવ્યું કે કેવી રીતે એક હીરોએ કામના બદલામાં તેની સાથે સૂવા માટે તેની સામે વિચિત્ર શરત મૂકી હતી, જેના પછી તે ઘણી નિરાશ થઈ ગઈ હતી. આ ઘટનાનો ઉલ્લેખ કરતા ઈશાએ કહ્યું કે એક પુરુષ અભિનેતાની આવી હાલત વિશે સાંભળીને તે ચોંકી ગઈ હતી અને ખૂબ ડરી ગઈ હતી.

## ક્રિસમસ-નવા વર્ષ માટે હોટલોમાં ૫૦ ટકા એડવાન્સ બુકિંગ

। શિમલા, તા.૧૮ ।

ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી માટે હિમાચલના પ્રવાસન સ્થળો પ્રવાસીઓથી ધમધમશે. પ્રવાસીઓનું આગમન ૨૧ ડિસેમ્બરથી ક્રિસમસના સપ્તાહના અંતે શરૂ થશે, જે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધી ચાલુ રહેશે.ક્રિસમસ અને નવા વર્ષ માટે સૌથી વધુ પૂછપરછ શિમલા, મનાલી, ધર્મશાલા, કુફરી, નારકંડા, કસૌલી, ચૈલ, કિન્નૌર અને લાહૌલ-સ્પીતિથી આવી રહી છે. રાજ્યના મોટા જૂથોની હોટેલોમાં ૫૦ ટકા સુધીનું એડવાન્સ બુકિંગ થઈ ગયું છે. શિયાળાની ટૂરિસ્ટ સિઝનમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ હિમાચલ પહોંચે તેવી શક્યતાને પગલે હોટેલીયર્સ અને ટ્રાવેલ એજન્ટોએ ખાસ તૈયારીઓ શરૂ કરી દીધી છે.હોટલ સંચાલકોએ લગભગ ૧૫ થી ૨૦ દિવસ ચાલનારી સિઝન માટે વધારાના સ્ટાફની વ્યવસ્થા કરવાનું શરૂ કરી દીધું છે. ટ્રાવેલ એજન્ટો પ્રવાસીઓના પરિવહન અને જોવાલાયક સ્થળો માટે વધારાના વાહનોની વ્યવસ્થા કરી રહ્યા છે. ખાનગી હોટેલ સંચાલકો અને પ્રવાસન વિકાસ નિગમ દ્વારા ક્રિસમસ અને નવા વર્ષની પાર્ટીઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

ગૂંગળામણને કારણે છ લોકોના મોત

## જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં એક મકાનમાં ભીષણ આગ લાગી

### શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી અને સૂતેલા લોકોને સાજા થવાની તક મળી ન હતી


। કઠુઆ,તા.૧૮ ।

જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં એક મોટી દુર્ઘટનાના સમાચાર છે. બુધવારે કઠુઆના શિવનગર વિસ્તારમાં એક નિવૃત્ત ડીએસપીના ઘરમાં શંકાસ્પદ સંજોગોમાં આગ લાગતાં ઘરની અંદર સૂઈ રહેલા છ લોકોના કરૂણ મોત થયા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે લોકોના મોત ગૂંગળામણને કારણે થયા છે, જ્યારે અકસ્માતમાં ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ દુર્ઘટના નિવૃત્ત ડીએસપી અવતાર ક્રિષ્નાના ઘરમાં બની હતી, જ્યાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી અને સૂતેલા લોકોને સાજા થવાની તક મળી ન હતી.મૃતકોમાં ગંગા ભગત (૧૭ વર્ષ), શાહિદી ચોક કઠુઆનો રહેવાસી,દાનિશ ભગત (૧૫ વર્ષ), શાહિદી ચોક કઠુઆનો રહેવાસી,અવતાર ક્રિષ્ના (૮૧ વર્ષ), રહેવાસી વોર્ડ નં. ૧૬, શિવ નગર,બરખા રૈના (૨૫ વર્ષ), શિવ નગરની રહેવાસી,તક્ષ રૈના (૦૩ વર્ષ), રહેવાસી શિવ નગર,અદ્વિક રૈના (૦૪ વર્ષ), રહેવાસી જગતિ, નગરોટાનો સમાવેશ થાય છે આ અકસ્માતમાં ચાર લોકો ઘાયલ થયા છે, જેમને જીએમસી કઠુઆમાં દાખલ કરવામાં આવ્યા છે.આ ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત કાર્ય શરૂ કર્યું હતું. જોકે, આગની જ્વાળાઓ એટલી જોરદાર હતી કે ઘણા લોકોને બહાર કાઢવામાં મોડું થયું હતું. જીએમસી કઠુઆના પ્રિન્સિપાલ ડૉ. સુરિન્દર અત્રીએ જણાવ્યું કે મૃતકનું મોત ગૂંગળામણને કારણે થયું છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલના શબઘરમાં રાખવામાં આવ્યા છે.

બેંગલુરુમાં ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ

# ૨૪ કરોડના નશીલા પદાર્થ સાથે વિદેશી નાગરિકની ધરપકડ કરાઈ

## માહિતીના આધારે ૧૩ ડિસેમ્બરના રોજ સીસીબીની ટીમે તે સ્થળે દરોડા પાડ્યા હતા અને પ્રતિબંધિત ડ્રગના વેચાણમાં સામેલ વિદેશી મહિલાની ધરપકડ કરી હતી



। બેંગલુર, તા.૧૮ ।

એક વિદેશી નાગરિકની કથિત રીતે ડ્રગ્સ રેકેટ ચલાવવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે અને તેની પાસેથી અંદાજે ૨૪ કરોડ રૂપિયાની કિંમતના ૧૨ કિલોગ્રામ પ્રતિબંધિત એમડીએમએ ક્રિસ્ટલ ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતુ. બેંગલુરુ પોલીસે દાવો કર્યો હતો કે આ રાજ્યમાં બેંગલુરુ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ યુનિટ દ્વારા ઝડપાયેલું સૌથી વધુ ડ્રગ્સ છે. પોલીસે જણાવ્યું હતું કે કેઆર પુરા પોલીસ સ્ટેશનની હદમાં ટીસી પાલ્યા વિસ્તારમાં રહેતી એક શંકાસ્પદ મહિલા અંગે વિશેષ જાણકારીના આધારે ધરપકડ કરવામાં આવી હતી. આ માહિતીના આધારે ૧૩ ડિસેમ્બરના રોજ સીસીબીની ટીમે તે સ્થળે દરોડા પાડ્યા હતા અને પ્રતિબંધિત ડ્રગના વેચાણમાં સામેલ વિદેશી મહિલાની ધરપકડ કરી હતી.બેંગલુરુ પોલીસ કમિશનર બી દયાનંદે જણાવ્યું હતું કે સીસીબી ટીમના નાર્કોટિક્સ કંટ્રોલ વિંગે એમડીએમએ ક્રિસ્ટલ ડ્રગ નેટવર્કને સફળતાપૂર્વક તોડ્યું હતું. તે એક આંતરરાષ્ટ્રીય નેટવર્ક છે. તેમણે ૧૨ કિલોગ્રામ શુદ્ધ સફેદ અને પીળા એમડીએમએને જપ્ત કર્યું હતું. જેની બજારમાં કિંમત આશરે ૨૪ કરોડ રૂપિયા છે. આ બેંગલુરુ અને કર્ણાટક રાજ્યની સૌથી મોટી જપ્તીઓમાંની એક છે.તેમણે કહ્યું કે સીસીબીની નાર્કોટિક્સ કંટ્રોલ વિંગને માહિતી મળી હતી કે કેઆર પુરમ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળની ટીસી પાલ્યામાં રહેતી એક વિદેશી મહિલાએ આળિકન નાગરિકોની જરૂરિયાતો પૂરી કરવા માટે ખાદ્યપદાર્થો અને કરિયાણા વેચતી દુકાન ખોલી છે. "આ સાથે તે ગેરકાયદેસર ડ્રગ્સ પણ વેચતી હતી.

## અમિતાભ બચ્ચને ભારતની યોગ્યતા ગણાવી, ભારત આર્થિક રીતે મજબૂત બની રહ્યું છે

। મુંબઇ, તા.૧૮ ।

અમિતાભ બચ્ચનને ભારતના નાગરિક હોવાનો ગર્વ છે. બિગ બીએ કેબીસી ૧૬ના તાજેતરના એપિસોડમાં આ વાત શેર કરી છે. અભિનેતા અમિતાભ બચ્ચન ઘણીવાર શોમાં પોતાના મનની વાત કરે છે. હવે તેણે ભારતીય હોવા પર ગર્વ હોવાની વાત કરી છે.કેબીસીના તાજેતરના પ્રોમોમાં અમિતાભ બચ્ચને કહ્યું, 'લોકો અમને કહે છે કે ભારત એક દબાયેલો દેશ છે, તે એ છે કે, અમને એવો કોઈ દેશ બતાવો જે સ્વતંત્ર ન હતો અને ૧૦૦ વર્ષમાં આટલી પ્રગતિ કરી હોય. ૧૦૦ વર્ષમાં કોઈ વ્યક્તિ આ સ્તરે પહોંચ્યું છે જેની પાસે આર્થિક શક્તિ છે.

## રશિયાના ન્યૂક્લિયર ફોર્સિસના વડાનું બોમ્બ બ્લાસ્ટમાં મોત

। નવી દિલ્હી, તા.૧૮ ।

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લાં અઢી વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધ વચ્ચે મંગળવારે રશિયાના ન્યૂક્લિયર ફોર્સિસના ચીફ ઈગોર કિરિલોવનું એક બોમ્બ બ્લાસ્ટમાં મોત નિપજ્યું હતું. મીડિયા રિપોર્ટ અનુસાર કિરિલોવની હત્યા યુક્રેન કરાવી હતી. રશિયા-યુક્રેન યુદ્ધમાં અત્યાર સુધીમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યાં છે. કિરિલોવ પોતાના એપાર્ટમેન્ટમાંથી બહાર નીકળી રહ્યાં હતાં ત્યારે નજીકમાં પાર્ક કરેલા એક સ્કૂટરમાં થયેલાં પ્રચંડ વિસ્ફોટમાં તેમનું અને તેમના મદદનીશનું મોત નિપજ્યું હતું. યુક્રેનિયન મીડિયા અનુસાર રશિયન ન્યૂક્લિયર ફોર્સિસના ચીફની હત્યા યુક્રેનની સિક્યોરિટી સર્વિસ (એસબીયુ)એ કરાવી છે.આ વિસ્ફોટ મોસ્કોના રાષ્ટ્રપતિ ભવન ક્રેમલિનથી માત્ર સાત કિલોમીટરના અંતરે થયો હતો. આ વિસ્ફોટ મોસ્કોના રાષ્ટ્રપતિ ભવન ક્રેમલિનથી માત્ર સાત કિલોમીટરના અંતરે થયો હતો. યુક્રેનના મીડિયાએ આ હત્યા યુક્રેન સિક્યોરિટી સર્વિસે કરાવી હોવાનો દાવો કર્યો.

ભારતીયોને અસર થશે | ડિગ્રી ફરજિયાત કરવા સહિત પાત્રતાના માપદંડ અને લોટરી સિસ્ટમનું પુનર્ગઠન થશે

# અમેરિકા એચ-૧બી વિઝાના નિયમોમાં ફેરફાર કરશે




। નવી દિલ્હી, તા.૧૮ ।

અમેરિકા તેના એચ-૧બી વિઝા પ્રોગ્રામના નિયમોમાં ધરખમ ફેરફાર કરવાની તૈયારી કરી રહ્યું છે. હાલમાં વ્હાઈટ હાઉસ ઓફિસ ઓફ ઈન્ફોર્મેશન ઓફ રેગ્યુલેટરી અફેર્સ (ઓઆઈઆરએ) આ પ્રોગ્રામના સર્વગ્રાહી નિયમનકારી ફેરફારોની સમીક્ષા કરી રહ્યું છે. અમેરિકાના નવનિર્વાચિત પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ બાઈડન કરતાં વધુ આકરા ઈમિગ્રેશન નિયમોનો અમલ કરે તેવી વ્યાપક શક્યતા વચ્ચે આ સમીક્ષા થઈ રહી છે. ટ્રમ્પ ૨૦ જાન્યુઆરીએ પ્રેસિડન્ટનો કાર્યભાર સંભાળશે. ઓઆઈઆરએની આ સમીક્ષા પછી નવા નિયમોને સાર્વજનિક કરાશે. ગયા વર્ષે યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ એ નવા નિયમોનો મુસદ્દો જારી કર્યો હતો. આ નવા નિયમોમાં કુશળ વિદેશી કામદારોની ભરતી કરવા માટે ડિગ્રી આવશ્યકતાઓ સહિત પાત્રતાના માપદંડમાં સુધારો કરાયો છે.

અગાઉના સૂચિત નિયમમાં એચ-૧બી વિઝા માટેની વાર્ષિક લોટરી સિસ્ટમનું પણ પુનર્ગઠન કરવામાં આવ્યું હતું, જેથી દરેક અરજદારને પસંદગી પ્રક્રિયામાં સમાન તક મળી શકે. આ સૂચિત ફેરફારને ૨૦૨૫ના નાણાકીય વર્ષની વિઝા લોટરી પહેલા જાન્યુઆરીમાં અંતિમ સ્વરૂપ અપાયું હતું. એચ-૧બી વિઝા પ્રોગ્રામ હેઠળ વાર્ષિક ૮૫,૦૦૦ નવા વિઝાની ટોચમર્યાદા છે. જો નવા નિયમોનો અમલ કરાશે તો એચ-૧બી વિઝા અરજદારોને અને ખાસ કરીને ભારતીય આઈટી ક્ષેત્રને અસર થશે. ભારતનું આઈટી ક્ષેત્ર આ વિઝા પ્રોગ્રામનું મુખ્ય લાભાર્થી છે. ૨૦૨૪ના નાણાકીય વર્ષ ભારતની ટોચની સાત આઈટી કંપનીઓની કુલ ૭,૨૯૯ એચ-૧બીવિઝા અરજીઓ મંજૂરી મળી હતી, જે ૨૦૧૫ની ૧૪,૭૯૨ની સરખામણીમાં નાટ્યાત્મક ઘટાડો દર્શાવે છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીએ એચ-૧બી અને એલ-૧ વિઝા ધારકોના જીવનસાથીઓ માટે ઓટોમેટિક વર્ક પરમિટ રિન્યુઅલના સમયગાળામાં મોટા વધારાની જાહેરાત કરી હતી.

રશિયન સરકારી માલિકીની ઓઇલ કંપની રોઝનેફ્ટે | ૧૦-વર્ષનો સોદો રોજના ૫૦૦,૦૦૦ બેરલ ક્રૂડ ઓઈલના પુરવઠા માટે છે, અથવા વિશ્વના પુરવઠાના લગભગ ૦.૫ ટકા રહેશે

# રશિયાએ ભારત સાથે ૧૩ અબજ ડોલરના ક્રૂડ ઓઈલના સોદા ઉપર હસ્તાક્ષર કર્યા



। મોસ્કો,તા.૧૮ ।

રશિયન સરકારી માલિકીની ઓઈલ કંપની રોઝનેફ્ટે વ્લાદિમીર પુતિનની સરકાર સામેના પ્રતિબંધોના ફટકામાં ભારતીય રિફાઈનર રિલાયન્સને ક્રૂડ ઓઈલ વેચવા માટે દર વર્ષે ૧૩ બીએનના સોદા પર હસ્તાક્ષર કર્યા. સુત્રો અનુસાર ૧૦-વર્ષનો સોદો રોજના ૫૦૦,૦૦૦ બેરલ ક્રૂડ ઓઈલના પુરવઠા માટે છે, અથવા વિશ્વના પુરવઠાના લગભગ ૦.૫ ટકા રહેશે. પુતિનની ક્રૂડ ઓઈલ અને ગેસની ખરીદી પર ક્રેક ડાઉન કરી રહ્યા છે, કારણ કે યુક્રેન પર દેશનો હુમલો ચાલુ હોવાથી રશિયાની અર્થવ્યવસ્થાને ગૂંગળાવી નાખવાના પ્રયાસમાં છે.

ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ફોર સ્ટ્રેટેજિક સ્ટડીઝ થિંક ટેન્કમાં રશિયા અને યુરેશિયા માટે વરિષ્ઠ ફેલો નિગેલ ગોલ્ડ-ડેવિસે કહ્યું કે "આ પશ્ચિમી પ્રતિબંધ નીતિના વ્યાપક સંદર્ભમાં નોંધપાત્ર છે. "૨૦૨૨ થી રશિયામાંથી ભારતીય ક્રૂડ ઓઈલની આયાતમાં થયેલા મોટા વધારાને કારણે યુરોપિયન યુનિયનમાં મોટા જથ્થામાં ક્રૂડ ઓઈલ ઉત્પાદનોની પુનઃનિકાસ થઈ છે, જેનાથી રશિયન ક્રૂડ ઓઈલ પર ઈયુ પ્રતિબંધનો અસરકારક રીતે ભંગ થયો છે." "નવો સોદો પણ આગળ વધી રહ્યો છે કારણ કે જી૭ પ્રતિબંધો ગઠબંધન રશિયન ક્રૂડ ઓઈલ પર તેની વૈશ્વિક કિંમત મર્યાદાને વધુ અસરકારક રીતે લાગુ કરવાના માર્ગો શોધી રહ્યું છે.રશિયન ક્રૂડ ઓઈલના વેચાણ પર ગૌણ પ્રતિબંધો વધી રહ્યા છે, જેમાં રશિયાના "શેડો ફ્લીટ" નો સમાવેશ થાય છે, જે હવે તેની લગભગ તમામ ક્રૂડ ઓઈલ નિકાસનું પરિવહન કરે છે." ભારત, ચીન અને અન્ય દેશોએ રશિયા પાસેથી સસ્તા ક્રૂડ ઓઈલ અને ગેસ ખરીદવા માટે પ્રતિબંધોનો ઉપયોગ કર્યો છે.










# સાયબર ગઠિયાઓએ શાળાના ટ્રસ્ટીને ૨ કલાક ડિજિટલ અરેસ્ટ કર્યા

। અમદાવાદ,તા.૧૮ ।

અમદાવાદની એક સ્કૂલના ટ્રસ્ટી ડિજિટલ અરેસ્ટનો શિકાર બન્યા હોવાની ઘટના સામે આવી છે. સાયબર ગઠિયાઓ દ્વારા સ્કૂલના ટ્રસ્ટીને બે કલાક સુધી ડિજિટલ અરેસ્ટ રાખ્યા હતા. જોકે સમગ્ર પ્રક્રિયા દરમિયાન સ્કૂલના ટ્રસ્ટીને પોતે ડિજિટલ અરેસ્ટ થયા હોવાનો ખ્યાલ આવી જતા તેમણે પોતાની સુજબુજથી સ્થાનિક પોલીસનો સંપર્ક કર્યો અને સ્થાનિક પોલીસે પણ તાત્કાલિક ટ્રસ્ટી પાસે પહોંચી તેમને સાયબર ગઠિયાઓની જાળમાંથી મુક્ત કરાવ્યા.આધુનિક યુગમાં સાયબર ફ્રોડની ઘટનાઓ વધી રહી છે. સાયબર ગઠિયાઓ અલગ અલગ બહાના થતી લોકો સાથે છેતરપિંડી કરી ડરાવી ધમકાવી રૂપિયા પડાવતા હોય છે. હાલમાં જ સાયબર ગઠિયાઓ દ્વારા લોકોને ડિજિટલ અરેસ્ટના નામે ડરાવી તેમની પાસેથી રૂપિયા પડાવતા હોવાના કિસ્સાઓ વધી રહ્યા છે.




















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya